Reg. No. B. 876
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૨ જું. સને ૧૯૧૦. અકટોમ્બર. અંક ૭ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्ताऽपि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ; તરફથી,
શંકરલાલ ડાહ્યાભાઈ.
નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ. શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ જ્ઞાનિનાં વચનોને જ્ઞાનિયો સમજે છે... | ૧૯૩ |
| ૨ વીર પ્રભુ સ્તવન... | ૧૯૪ |
| ૩ ગુરુબોધ. | ૧૯૫ |
| ૪ સુપાત્રદાન. | ૨૦૧ |
| ૫ જ્ઞાનદાન. | ૨૦૩ |
| ૬ જૈનોનું શાંત ધામ. | ૨૦૭ |
| ૭ કષાય ચતુષ્ય ક્રોધ. | ૨૧૦ |
| ૮ શ્રી સોમસુંદર સૂરિકૃત પર્યન્તારાધના. | ૨૧૩ |
| ૯ વાચન. | ૨૧૯ |
| ૧૦ અભિપ્રાય.... | ૨૨૪ |


# બોર્ડીંગ પ્રકરણ.

## રોકડા રૂપિયાની આવેલી મદદ.

૨૦૦-૦-૦ શા. જમનાદાસ જેઠાભાઇ હા. જમનાદાસ હરગોવિંદદાસ. અમદાવાદ.

૭૧-૬-૦ શા. ભાયચંદ પુંજાભાઇના ટ્રસ્ટી શા. હાથીચંદ ઝવેરચંદ તથા શા. પુનમચંદ રવચંદ તથા વકીલ. ફતેચંદ રામચંદ. પેથાપુર.

૧૫૦-૦-૦ શ્રી ખેડાના જૈનસંઘ તરફથી હા. શેઠ ભાઇલાલ અમૃતલાલ તથા મનસુખરામ જસરાજ તથા રતનશી હરગોવિંદદાસ. ખેડા.

૧૫૦-૮-૦ મર્હુમ શા. મનશુખરામ ચુનીલાલ તરફથી વકીલ સોમાભાઈ ભાઇલાલ. ખેડા.

૧૦-૦-૦ મરનાર બાઈ ઝબક શા. અમથાલાલ અવચલની વિધવા તરફથી શા. મોતીલાલ ફુલચંદ. ખેડા.

૫-૦-૦ શા. નથુભાઈ રતનચંદ હા. શા. વાડીલાલ ચુનીલાલ. અમદાવાદ.

આ શિવાય તેલી શકરચંદ ઉમેદચંદની વિધવા બાઈ ધીરજ તરફથી વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्द्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्त्यत्रच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૨ જું. તા. ૧૫ મી અકટોબર સન ૧૯૧૦. અંક ૭ મો.

## ज्ञानिनां वचनोने ज्ञानियो समजे छे.

( હવે મ્હને હરિ નામ શું, એ રાગ. )

જ્ઞાનિનાં વચનો સમજે છે જ્ઞાનિયો વિચારી.
મૂર્ખોમાં થાય મારા મારીરે          જ્ઞાનિનાં૦ ટેક.
છ અંધાએ એકેક અંગે બાઝી હાથી નિર્ધાર્યો;
એક બીજાનું થાપે ઉથાપે, વિતંડાવાદને વધાર્યોરે.     જ્ઞાનિનાં૦ ૧
પાસું સોનાનું એક રૂપાનું, ઢાલ તણું બાઇ જાણ્યું;
સોનાની એક કહે છે રે રૂપાની, સમજ્યાવિના ભરમાણુંરે; જ્ઞાનિનાં૦ ૨
સાપેક્ષાએ શાસ્ત્ર વચન સહુ, સ્યાદ્વાદદર્શન ગાવે;
સમજ્યાવિના અજ્ઞાનિમાં ઝઘડો, ખંડન મંડન થાવેરે. જ્ઞાનિનાં૦ ૩
સાત નયોની વાત ન જાણે, પોતાનો મત તાણે,
સાપેક્ષાવણ સમજે ન સાચું, અભિમાન અંતર આણેરે. જ્ઞાનિનાં૦ ૪
નયોના જ્ઞાનવણ નિર્ણય ધારે, વસ્તુસ્વરૂપ ન વિચારે;

જ્ઞાનિનું ગાયું કૂટી મારે છે, તરે નહિ અન્ય તારેરે. જ્ઞાનિનાં૦ ૫
મૂર્ખોના વાદમાં ખાદ ઘણી છે, ખરી સમજ કહે ખોટી;
સૂગરી વાનરથી દુઃખ લહી તેમ, વાગે જ્ઞાનિને સરસોટીરે. જ્ઞાનિનાં૦ ૬
મૂર્ખોના વૃન્દમાંહિ સમય વિચારી, બોલજો યોગ્યતા નિહાળી,
જેવી સભાતેવું જાણીને બોલવું,લખોને લેખ બહુ ભાળીરે જ્ઞાનિનાં૦૭
યોગ્યતા જેને પ્રગટી છે જેટલી, તેટલું માનશેરે સાચું,
બાકી બધું અહો ઘુવડપેઠે, જોયાવિના સહુ કાચુંરે. જ્ઞાનિનાં૦ ૮
વ્યવહારને નિશ્ચય નય સમજી, બોલજો બોલ ને વિચારી,
સાપેક્ષાવણ જૂઠી છે વાણી, લેજો અંતરમાં ઉતારીરે. જ્ઞાનિનાં૦ ૯
ભાષારહસ્યના ભેદ વિચારી, સમજો સાપેક્ષાને સારી,
અનુભવ કરશો તો શિવ વરશો, ઉપદેશક ગુણ ધારીરે. જ્ઞાનિનાં૦ ૧૦
સમજ્યાવણ દર્શનનારે ઝઘડા, થયા અને વળી થાશે,
બુદ્ધિસાગર સ્યાદ્વાદ દર્શન, સમજ્યાથી ખેદ જાશેરે. જ્ઞાનિનાં૦ ૧૧

---

## वीरप्रभुस्तवन.

( વૈકુંઠ મારગ છે વેગળો રે, એ રાગ. )

વ્હાલા વીર પ્રભુને વિનવું રે, પ્રેમે પ્રણમું પાય હો લાલ;
મટાડોને મનના આમળા રે, સેવક સુખિયો થાય હો લાલ. વ્હાલા૦૧
આડું અવળું મનડું આથડે રે, જેમ હરાયું ઢોર હો લાલ,
વાનરપેઠે ભટકે વેગથી રે, કરતું શોરબકોર હો લાલ. વ્હાલા૦ ૨
લાખો લાલચથી લપટાયલું રે, ઠરે નહિ એક ઠામ હો લાલ,
સમજાવ્યું સમજે નહિ શાસ્રથી રે, કરે નઠારાં કામ હો લાલ.વ્હાલા૦૩
આશા ઉંડી અંતર રાખતું રે, લેશ ન રાખે લાજ હો લાલ,
ડહાપણ દરિયામાંહિ ડબોળતું રે, કરે ન ધર્મનું કાજ
હો લાલ વ્હાલા૦ ૪
ક્ષણમાં શાણું થઇને શોભતું રે, ઘડીમાં ગાંડુ ગાય હો લાલ,
રાગી દ્વેષી ઘડીમાં ઘણું હુવે રે, લોભે બહુ લપટાય રે. હો લાલ
વ્હાલા૦ ૫

સમજાવ્યું સમતા રાખે નહિ રે, ક્ષણુમાં છટકી જાય હો લાલ,
શાન્તિ લેશ ન સમ્પજે રે, આપોને ઉપાય હો લાલ. વ્હાલા ૬
ગરીબનો બેલી તું ગાજ તો રે, રાખો સેવક લાજ હો લાલ,
વ્હાર કરોને વિશ્વંભર વિભુ રે, કરજો સેવક કાજ હો લાલ. વ્હાલા ૭
આપ પભુની મ્હારે ઓથ છે રે, શરણું તું સંસાર હો લાલ,
બુદ્ધિસાગર તારો બાપજી રે, અડવડીયાં આધાર હો લાલ. વ્હાલા ૮

---

# ગુરુબોધ

## (લેખક મુનિશ્રી બુદ્ધિસાગરજી.)

### દાનરત્ન.

દાન દેવું=પોતાની શક્તિ અનુસારે અન્ય જીવોને કંઇક આપવું. અન્ય જીવોને દાન આપવાથી પોતાને શો ફાયદો ? આમ સ્વાભાવિક પ્રશ્ન થશે. આના ઉત્તરમાં કહેવાનું કે અન્ય જીવોને દાન દેવાથી પોતે જે વસ્તુઓ આપીએ છીએ તેના બદલામાં આપણે ઉત્તમ સુખમય વસ્તુઓ પ્રાપ્ત કરીએ છીએ માટેજ દાન આપવાની ખાસ આવશ્યકતા છે. પોતે જે દાન કરીએ છીએ તેના કરતાં ઘણું પ્રાપ્ત કરીએ છીએ, પોતે જે જ્ઞાનદાન આપીએ છીએ તેના કરતાં તેના બદલામાં આપણે ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. આ બાબતમાં નીચેની કવિતા વાંચવા યોગ્ય છે.

### દાનમહિમા.

દાનને દેઇએ દાનને દેઇએ, દાન દીધા થકી પુણ્યવૃદ્ધિ.
દાનથી સ્વર્ગની પ્રાપ્તિ છે સહજમાં, દાનથી હોય સર્વત્ર સિદ્ધિ. દાન. ૧
થાય વશમાં સહુ વૈરિયો દાનથી, સ્વર્ગ પાતાળમાં કીર્તિ ગાજે,
દાનથી દેવતા સેવતા ચરણને, દાનથી મુક્તિનાં શર્મ છાજે. દાન. ૨
દાન દીધા થકી સર્વ દોષો ટળે, દાનથી ધર્મનું બીજ વાવે
સાધુને પ્રેમથી દાન દીધા થકી, પ્રાણિયા મુક્તિમાં શિઘ્ર જાવે. દાન. ૩
દાન છે પંચધા સૂત્રમાં ભાખિયું, અભય સત્પાત્રથી સ્વર્ગસિદ્ધિ.
શાલિભદ્રે લહી ક્ષીરના દાનથી, વસન ભોજન અને દિવ્ય રૂદ્ધિ. દાન. ૪
દાનથી માનીનાં માનતો જાય છે, દાનથી શત્રુઓ મિત્ર થાવે
દુઃખ અગ્નિ પ્રશમ દાનના મેઘથી, દાનથી લક્ષ્મીની લીલ પાવે. દાન. ૫
અમર તે જગતમાં સત્ય દાતાર છે, દાન સંવત્સરી વીર આપે

સર્વ તીર્થેશ પણ દાનને આપતા, દાનથી દુઃખ દૌર્ભાગ્ય કાપે. દાન. ૬
દાનથી દુઃખીનાં દુઃખ દૂરે ટળે, દાનથી કર્ણ જગમાં ગવાયો.
દાનથી પામિએ માન અવનીવિષે, મેઘરથ દાનથી શાન્તિ પાયો. દાન. ૭
દાન દીધા થકી તીર્થકૃત્ થાઈએ, દાનને દેઈએ ભવ્ય હાથે,
બુદ્ધિસાગર સદા દાન દેતાં થકાં, હસ્તથી ધર્મતો હોય સાથે. દાન. ૮

હે બંધુઓ દાન દેવા યોગ્ય છે. દાન દેવાથી પુણ્યની વૃદ્ધિ થાય છે. દાનથી દેવલોકમાં ઉત્તમ દિવ્યદેહો મળે છે. ખરેખર દાનથી સર્વત્ર અનેક પ્રકારની વાંછિત સિદ્ધિયો થાય છે. દાતીના મનમાં પરોપકારની ઉત્તમ લાગણી વર્તે છે તેથી તે માનસિકદશામાં ઉત્તમ બનતો જાય છે, અનેક વૈરિયો પણ દાનના દેવાથી વશમાં આવે છે. દાન દેનારની ખરેખર સ્વર્ગ અને પાતાળમાં કીર્તિ ગાજે છે. દાનથી દેવતાઓ પણ દાનીના ચરણકમલની સેવા કરે છે, દાનથી મુક્તિનાં સુખ અવસ્ય મળે છે. સર્વ પ્રકારના ધર્મમાં દાનનો ધર્મ પ્રથમપદને ભોગવે છે. દાન દેવાથી માનસિક વાચિક અને કાયિક સર્વ દોષો ઉત્તરોત્તર ટળતા જાય છે. દાન દેનાર પુરૂષ દાનના પ્રતાપથી ધર્મનું બીજ વાવે છે. પંચમહાવ્રત પાળનાર સાધુઓને પ્રેમપૂર્વક દાન આપવાથી ઉત્તમ પુરૂષો મુક્તિમાં શિઘ્ર જાય છે. દાન પાંચ પ્રકારનાં સૂત્રમાં કહ્યાં છે. અભયદાન[૧] સુપાત્રદાન[૨] ઉચિતદાન[૩] અનુકંપાદાન[૪] અને કીર્તિદાન[૫] પ્રત્યેક દાનનું વિવેચન કરવામાં આવે છે. જીવોને મરતા બચાવવા, જીવોની રક્ષા કરવી, જીવોના પ્રાણ બચાવવા, જીવોના ગુણોનું રક્ષણ કરવું, કોઇ જીવોને મારતું હોય તો તેઓનું યથાશક્તિ રક્ષણ કરવા પ્રવૃત્તિ કરવી–ઇત્યાદિ બાબતનો અભયદાનમાં સમાવેશ થાય છે. મન, વાણી, કાયા અને લક્ષ્મી આ ચાર થકી અભયદાન થઇ શકે છે. મનમાં જીવોને મરતા બચાવવાનો ભાવ કરવો-તેના મનમાં ઉપાયો ચિંતવવા ઇત્યાદિ મનવડે અભયદાન જાણવું. જો મનમાં અભયદાનનો વિચાર ન થાય તો કાયા અને વાણીથી પણ કંઇ થઇ શકતું નથી. મનના ભાવપૂર્વક વાણી અને કાયા પણ જીવોને મરતા બચાવવા ઉદ્યમ કરે છે. માટે મનવડે થતું અભયદાન ઉત્તમ છે. જો મનમાં અભયદાનનો ભાવ ન હોય તો વાણી અને કાયાથી કરેલું અભયદાન ઉત્તમ ફળ આપી શકતું નથી. તે માટે મનથી અભયદાન કરવાની પ્રથમ આવશ્યકતા ગણી છે. કેટલાકના મનમાં અભયદાન દેવાની રૂચિ ન છતાં આગળ પાછળના સંયોગોને અનુસરી વા સત્તાધારીની આજ્ઞાને અનુસરી તેમજ લોકમાં હલકા ન પડીએ તેવા કેટલાંક કારણોને અનુસરી અભયદાન દેવું

પડે છે પણ તેવા મનુષ્યોને મનનાભાવવિના જેટલું ફળ જોઇએ તેટલું અભયદાનથી મળી શકતું નથી. માટે આત્માર્થીપુરૂષોએ મનમાં અભયદાનના પરિણામ ધારણ કરવા જોઇએ. શ્રીતીર્થંકરો સાધક અવસ્થાના પૂર્વભવમાં સર્વ જીવોને કર્મરૂપ શત્રુઓના ફંદામાંથી છોડાવવાને ભાવ અભયદાનના ઉત્તમવિચારો કરે છે તેના યોગે પુણ્યાનુબંધી પુણ્ય બાંધી તીર્થંકર તરીકે અવતાર ધારણ કરે છે. બીજાઓને દુઃખોમાંથી છોડાવવાનો મનમાં વિચાર કરવો. તેમજ સર્વ જીવોને ધર્મ પમાડું કે જેથી સર્વે અનંત આનંદને પામે આવું માનસિક અભયદાન એવું બળવાન્ છે કે તે ઉત્તમ તીર્થંકરના અવતારને પમાડે છે. અહો; આઉપરથી ધર્મબંધુઓએ વિચારવું કે તીર્થંકર સુધીની પદવી પામવાની તમારા હાથમાં છે. કારણ કે જે તમારૂં મન ખરાબ વિચારો કરે છે તેજ જો સારા વિચારો કરે તો ( અભયદાનના વિચારો કરે તો ) તમો ઉત્તમ થઇ શકો. મનમાં અભયદાનના સંકલ્પો કરવાથી સર્વ જગતનું ભલું થાય એવા અવતારો ધારણ કરી શકાય છે અને તેના યોગ્ય સર્વ સાધનો મળે છે. અભયદાનના વિચારમાં અનંતશક્તિ રહી છે. મનુષ્યોની પાસે મન રહ્યું છે તેમ છતાં અજ્ઞાનને લીધે અજ્ઞો કહે છે કે અમારી પાસે કંઈ નથી તેથી શી રીતે અભયદાન કરી શકીએ; આના ઉત્તરમાં તેઓને સ્પષ્ટ સમજવાનું કે તમારી પાસે મન છે. ક્ષણે ક્ષણે મનમાં અભયદાનના વિચારો કરો. સર્વ જીવોને ધર્મી બનાવું, સર્વ જીવોને અપૂર્વ જ્ઞાન આપું, સર્વ જીવોને કદાપિકાળે મરે નહિ એવું ભાવપ્રાણનું દાન આપું, આવા ઉત્તમ વિચારોથી ઉત્તમપુણ્યનો જથ્થો ખેંચી આત્મા ઉત્તમ અવતાર ધારણ કરે છે.

વાણીથી જીવદયાનો ઉપદેશ દેવો. મરતા પ્રાણીઓને અસરકારક ભાષણ આપવું, જીવ દયાથી જે જે લાભો થતા હોય તે વાણી દ્વારા ઉપદેશવા. અભયદાનનો અમૂલ્ય મહિમા ગાવો વગેરે વાણીથી અભયદાન જાણવું—

કાયાથી અભયદાન દેવા માટે જીવોને મરતા બચાવવા હાથ પગ શરીરનો ઉપયોગ કરવો. જીવોની યતના કરવી. મારનારને શરીરથી વારવા. કામકાજ કરતાં શરીરથી જીવોને બચાવવા. શરીરબળથી જીવો ન મરે તેવા અનેક ઉપાયો યોજવા. ગમે ત્યાં જીવો મરતા બચાવવા માટે જવું. હાથથી જીવો મરતા બચે તે માટે જીવદયાનાં અનેક પુસ્તકો લખવાં, છપાવવાં અન્યને આપવાં ઇત્યાદિ કાયાથી અભયદાન જાણવું.

લક્ષ્મી વા રાજ્ય આદિની સત્તાવડે જીવોને મારનારાઓનો નિષેધ કરવો. સત્તાબળવડે કોઈ જીવોને મારે નહિ એવા જાહેર હુકમ કઢાવવા, લક્ષ્મીનો વ્યય કરીને પણ મનુષ્ય પંખી મરતાં વા મારતાં બચાવવા, હિંસક જીવોને લક્ષ્મી આપી પશુ પંખી મારવાના ધંધા છોડાવવા, લક્ષ્મીનો વ્યય કરી જીવોને મરતા વા મારતા બચાવવા માટે ઉપદેશકોની પાસે ઉપદેશ દેવરાવવો, જીવ-દયાનાં પુસ્તકો રચવા માટે ધન આપવું. જીવદયાનાં પુસ્તકો છપાવવા માટે ધનનો ખર્ચ કરવો. લક્ષ્મીનો વ્યય કરી જીવોને મરતા બચાવવા માટે ઉત્તમ ઉપાયો યોજવા. મનુષ્યોને મરતા બચાવવા માટે લક્ષ્મીનું દાન કરવું. હિંસાના વ્યાપારો (જેવા કે કસાઈઓના વગેરે) વગેરેનો નાશ કરવા માટે લક્ષ્મીનું દાન આપવું. જીવની મન વચન અને કાયાથી રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેનારાઓને માટે લક્ષ્મીનું દાન કરી તેઓના કાર્યમાં મદદ કરવી—સમકિત વા સમ્યક્જ્ઞાન વગેરે જૈન-તત્ત્વનું અભયદાન આપવા માટે લક્ષ્મીનો પૂર્ણ વ્યય કરવો—સાધુઓ થઈ જે જીવદયાનો ઉપદેશ દેતા હોય તેઓને લક્ષ્મીના દાનથી સાહાય્ય આપવી. સાધુઓને ધન આપવું જોઇએ નહિ પણ તેઓ જીવદયાનો ઉપદેશ દેતા હોય અને તેઓના ઉપર હિંસક લોકોએ કાવતરૂ રચ્યું હોય તો તે કાવતરાનો નાશ માટે તથા સાધુઓની તથા સાધ્વીઓની દવા માટે લક્ષ્મીનો વ્યયકરવો—સર્વથાપ્રકારે સર્વજીવોને દ્રવ્ય અને ભાવથી અભયદાન આપનાર અપાવનાર અને અપાવનારની અનુમોદના કરનાર સાધુઓ તથા સાધ્વીઓ છે. માટે સાધુ અને સાધ્વીઓ થવામાં તથા તેમના રક્ષણમાં જે લક્ષ્મીનો વ્યય કર-વો છે તે સર્વ જીવો માટે અભયદાન આપવા બરોબર છે, જગતના જીવો-ની દયા ફેલાવવામાં મન વચન અને કાયાથી પૂર્ણ અભયદાન કરનાર સાધુઓ તથા સાધ્વીઓ છે. જીવોની દયા માટેજ તેઓ દીક્ષા અંગીકાર કરી પંચ મહાવ્રત ધારણ કરે છે, માટે સાધુઓની ભક્તિમાટે જે લક્ષ્મીનો વ્યય કરવો તે પણ અભયદાનરૂપજ છે. કોઇ પણ પ્રકારની સત્તાથી પોતાના તાબામાં રહેલા મનુષ્યોપાસે પશુ પંખીઓની હિંસા છોડાવવી. તાબાના મનુષ્યોને માંસખાતા વા ખવરાવતા અટકાવવા, તેમજ દેવદેવીઓ આગળ બકરા અને પાડાના ભોગ થતા અટકાવવા, બકરા અને પાડા વગેરેના પ્રાણનો નાશ થાય તેવા યજ્ઞો થતા અટકાવવા, પોતાની સત્તાથી પશુ પંખીઓને કોઇ મારે ન-હિ એવો કુમારપાળ રાજાની પેઠે જાહેર પડહ વજડાવવો. જાહેર ખબરો છ-પાવવી, પ્રતિજ્ઞાઓ ગ્રહાવવી, જીવહિંસકોને સત્તાના બળે હિંસા કરતાં અટકાવવા

સંપ્રતિરાજાની પેઠે **માંસાહારિયોને** પણ **સત્તાના** બળે **હિંસા** કરતાં અટકાવવા, હિંસકો ગાયઆદિ પ્રાણીઓને મારતા હોય તો સત્તાનું બળ ગમે તે રીતે મર્યાદામાં રહી અજમાવવું જોઇએ, નાના અને મોટા જીવોને રક્ષણ **કરવામાં** પોતાની **સત્તાયુક્તિના** બળે અન્યજનોને પણ તે કાર્યમાં પ્રેરવા, સત્તાના બળવડે જીવદયાનાં પુસ્તકો રચાવીને તેમજ છપાવીને સર્વત્ર તેવા પુસ્તકોનો ફેલાવો કરવો ઇત્યાદિ લક્ષ્મીસત્તાથી અભયદાન જાણવું.

અભયદાન **સમાન** કોઇ જગતમાં દાન નથી. દ્રવ્ય અને ભાવ અભયદાન **સમજવું** જોઇએ. જીવોના પ્રાણ બચાવવા તે દ્રવ્ય અભયદાન છે અને સ્વ અગર અન્ય જીવોના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણો ખીલે તે ગુણોનું રક્ષણ થાય તેવું બોલવું. તેવો ઉપદેશ દેવો, તેવી પ્રવૃત્તિ કરવી. આત્માના ગુણોનું રક્ષણ કરવું. અનંત ભવના દુઃખોથી આત્માને તેમજ અન્ય આત્માઓને છોડાવવા. સમકિત તથા ચારિત્રનો ઉપદેશ આપવો. શ્રી વીરપ્રભુનાં તત્ત્વો ઉપદેશવાં, આત્મજ્ઞાન ધ્યાન કરવું ઇત્યાદિ ભાવ અભયદાન જાણવું.

સત્ય ધર્મ સાધકો વિચારશે કે અભયદાનથી પોતાને તથા અન્ય જીવોને અત્યંત લાભ થાય છે. અભયદાન દેનાર શ્રી શાંતિનાથના પૂર્વ ભવમાં મેઘરથ રાજાની પેઠે ઉત્તમ પુણ્ય પ્રાપ્ત કરે છે, સર્વ પ્રકારના દાનોમાં અભયદાનની શ્રેષ્ઠતા બતાવી છે. તે ઉપર **અભયપ્રદા રાજાની** કથા કહેવામાં આવે છે.

## અભયદાન વિષે અભયપ્રદા રાજાની કથા.

**ભવનગરમાં ચેતન** નામનો રાજા પંચેન્દ્રિય પ્રધાનોથી વિભૂષિત થયોછતો પ્રાણ પ્રજાપર રાજ્ય કરતો હતો. એક દીવસ તે રાજાના નગરમાં હિંસક નામના ચોરે મોટી ચોરી કરી, અનેક ઉપાયોથી કોટવાળે ચોરને પકડ્યો અને રાજાની પાસે લાવ્યા, વિવેક નામના ન્યાયાધીશે હેને ફાંસીની સજા કરી. કોટવાળ તે ચોરને નગરમાં ફેરવીને હાહાકાર થએ છતે સ્મશાનભૂમિ તરફ લેઇ જાય છે તેવામાં રાજા કાયા મહેલના દર્શન નામના ગોખમાં બેસીને તે ચોરનું ચરિત્ર જુએ છે. તે રાજાની સાથે તેની પાંચ રાણીઓ પણ બેઠી હતી, ચોરને દેખીને રાણીઓને દયા આવી, ચોરને બચાવવા માટે તેણીઓના આત્માઓ લલચાયા, **ઉચિતદાન** રાણીએ રાજાને નમસ્કાર કરી કહ્યું કે હે રાજન્! જો તમે મ્હારી ઉપર સંતુષ્ટ હોતો મ્હારૂ વચન માની આ ચોરને એક દિવસ માટે છોડો. રાજાએ તેણીનું વચન માન્યું,

**ઉચિતદાન** રાણી પેલા ચોરને પોતાના ઘેર લેઇ ગઈ અને તેને ન્હવરાવ્યો, તેને સારૂ સારૂ ખવરાવ્યું. તેના શરીરે અત્તર લગાડ્યું. સારાં વસ્ત્ર પહેરાવ્યાં દશ હજાર રૂપૈયા એક દીવસમાં તે ચોરને માટે વાપર્યા. બીજા દીવસે **કીર્તિદાન** રાણીએ પેલા ચોરને રાજાની પાસેથી માગી લીધો. કીર્તિદાન રાણી પોતાના ઘેર લઇ જઇ અને બહુ ઠાઠમાઠથી તેને ન્હવરાવ્યો. પોતાના ઘેર વાજિંત્ર વગડાવ્યાં. ભાટ ચારણોને પોતાની કીર્તિ ગવરાવવા ખૂબ દાન આપ્યાં. છાપાવાળાઓને પોતે ઉત્તમ કાર્ય કર્યું એમ જણાવવા ઘણું ધન આપ્યું. તે. ચોરને એક દીવસ છોડાવવાની ખુશાલીમાં રાત્રીમહોત્સવ કરી ઘણો ઠાઠમાઠ કર્યો એક દીવસમાં કીર્તિદાન રાણીને વીસ હજાર રૂપૈયાનો ખર્ચ થયો, ત્રીજા દીવસે અનુકંપાદાન રાણીએ પોતાનો વર (વચન) પેટે રાજા પાસેથી ચોરનેમાગી લીધો. તે રાણી પેલા ચોરને પોતાના ઘેર લેઇ ગઈ. અનેક પ્રકારની ખાવા પીવા બાબત તેની ભક્તિ કરી, ત્રીશ હજાર રૂપૈયા ખર્ચ્યા. સુપાત્ર નામની ચોથી રાણી પણ ચોરને માગી પોતાના ઘેર લેઇ ગઇ. ખાવા પીવા આદિ અનેક પ્રકારની ભક્તિ કરી. ત્હેની ભક્તિમાં ચાલીશ હજાર રૂપૈયા ખર્ચ્યા. પાંચમી **અભયપ્રદા** નામની ચેતન રાજાની રાણી હતી. પણ તેના ઉપર રાજાનો પ્યાર નહોતો તેથી તેણીએ પૂર્વ વચનના પેટે પેલા ચોરને છોડાવવા રાજાને વિનંતિ કરી કહ્યું કે જો તમે તમારૂં વચન આપતા હો તો આ ચોરને સદાકાલને માટે છોડી દો. રાજાએ તેણીનું કહ્યું માની તેને છોડી દીધો. તેને પોતાના ઘેર **અભયપ્રદા** લેઇ ગઇ. ચોરને સામાન્ય ભોજન જમાડી તેને ખૂબ અસરકારક ઉપદેશ આપ્યો. હિંસા અને ચોરીનો ત્યાગ કરાવ્યો અને કહ્યું કે જા હું આજ ત્હને છોડી દઉં છું. તને કોઇ મારનાર નથી. આ પ્રમાણે રાણીનાં વચનો સાંભળી પેલો ચોર અત્યંત આનંદ પામ્યો. પોતાનું મરણ થનાર નથી એવું નક્કી જાણવાથી ત્હેનો સઘળો ભય ટળી ગયો. પાંચ રાણીઓ પોતપોતાના કરેલા દાનની સ્પર્ધા કરવા લાગી. એક કહે મેં સારૂ દાન દીધું, એક કહે મેં સારૂં દાન દીધું. એમ વાદ કરવા લાગી. રાજાએ પાંચે રાણીઓનો વાદ ટાળવા માટે સભા સમક્ષ ચોરને બોલાવીને કહ્યું કે તું સાચું કહે કે કઇ રાણીએ દાનથી ત્હારાઉપર મોટો ઉપકાર કર્યો. આમ સભાની આજ્ઞા મળવાથી ચોરે સભાસમક્ષ કહ્યું કે, પહેલી ચાર રાણીઓએ મ્હને એકેક દીવસ માટે છોડાવી ખૂબ ધન વાપર્યું પણ બીજા દીવસે મરવાના ભયથી મ્હારા આત્માને આનંદ વા શાંતિ મળી નહીં. પણ અભયપ્રદા રાણીએ જ્યારે અભયદાન આપ્યું ત્યારે મારા આત્માને ઘણો આનંદ

થયો કે જેનું હું વર્ણન કરી શકું તેમ નથી. માટે હું અભયપ્રદાનને વિશેષ ઉપકારી માનું છું. આયુષ્યપર્યંતની તે શાંતિ આપનાર છે.

આ પ્રમાણે ચોરનાં વચનો સાંભળી આખી સભા અભયપ્રદાનને ધન્યવાદ આપવા લાગી. રાણીના બોધથી હિંસક ચોર મટી અહિંસક થયો. ખરેખર આ દૃષ્ટાંતને ખૂબ મનન કરીએ તો માલુમ પડશે કે અભયદાનની શ્રેષ્ઠતા ત્રણ ભુવનમાં ગાજી રહી છે એમ માલુમ પડ્યાવિના રહેશે નહીં. ધર્મનું અભયદાન મૂળ છે, દ્રવ્ય અભયદાનથી દેવલોકનાં સુખ અને ઉત્તરોત્તર સિદ્ધનાં સુખ મળે છે. અને ભાવ અભયદાન પૂર્ણ હોવાથી તુર્તજ મોક્ષનાં સુખ મળે છે.

---

# सुपात्रदान.

સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકા, જિર્ણોદ્ધાર, જ્ઞાન અને ચૈત્ય એ સાત ક્ષેત્રમાં દાન દેવું તેને સુપાત્ર દાન કહે છે. ચાર પ્રકારના નિરવદ્ય આહારનું દાન સાધુઓ અને સાધ્વીઓને દેવું. સાધુઓ અને સાધ્વીઓને વસ્ત્રપાત્રનું દાનદેવું જોઇએ તેઓને વસતિ, ઉપકરણ, ઔષધ, પુસ્તક આદિનું દાન દેવાથી દાતારનાં કર્મ નાશ પામે છે. સાધુઓ અને સાધ્વીઓ છે તે ધર્મનું મૂળ છે. જો સાધુઓ અને સાધ્વીઓ ન હોય તો ધર્મ રહે નહિ. સાધુ અને સાધ્વીઓની ભક્તિ માટે લક્ષ્મીનું દાન કરનારાઓ સદ્દાનાં સુખ પ્રાપ્ત કરે છે. સાધુઓ અને સાધ્વીઓને દાન આપતાં કરેલ કર્મનો ક્ષય થાય છે. માટે ભવ્ય જીવોએ આત્માનું કલ્યાણ કરવા માટે સાધુઓ અને સાધ્વીઓને દાન આપવા અત્યંત મનમાં ભાવ ધારણ કરવો, યથાશક્તિ પ્રમાણે સાધુઓ અને સાધ્વીઓને દાન આપી મુક્તિનાં સુખ પ્રાપ્ત કરવાં. કારણ કે સાધુ અને સાધ્વી કંચનના પાત્રસમ છે. સાધુ અને સાધ્વીઓને દાન આપેલું નિષ્ફળ જતું નથી. **સાધુપાત્રમાં** જે આપીએ છીએ તેના કરતાં અનંત ગણું મળે છે.

સાધુઓ અને સાધ્વીઓ કરતાં ઉતરતું દેશ થકી પાત્ર શ્રાવક અને શ્રાવિકાઓ છે. શ્રાવક શ્રાવિકાઓને અન્ન વસ્ત્ર પાત્ર આદિનું દાન દેવા યોગ્ય છે. શ્રાવક અને શ્રાવિકાઓને દાન દેવાથી ધર્મની પ્રભાવના થાય છે. ધર્મ કરવામાં સહાય મળે છે. શ્રાવક અને શ્રાવિકાઓની વૃધ્ધિ થાય છે. શ્રાવક અને શ્રાવિકાઓને એક દીવસ મિષ્ટાન્ન જમાડવા માત્રથી જ કંઇ

સુપાત્રદાન એકાંતે લાભકર્તા થઇ શકે નહિ તેમાં પણ તરતમયોગે દાન કેવું આપવું તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી વિચારવું જોઈએ. ધર્મની ઉન્નતિ વા પ્રાપ્તિ માટે ગરીબ શ્રાવક અને શ્રાવિકાઓને અન્નદાનાદિ આપવાની અત્યંત આવશ્યકતા છે. કેટલાંક શ્રાવકોના ગરીબ છોકરાં આથડે છે. કેટલાક ગરીબ શ્રાવકો ભૂખ્યા મરે છે. કેટલાક શ્રાવક અને શ્રાવિકાઓને ધર્મસાધનમાં ગરીબાઈના લીધે દુઃખ પડે છે. તેઓને દુઃખ પડતાં બચાવવા અનેક પ્રકારનું યથાયોગ્ય દાન આપવાની અત્યંત જરૂર છે. સમજવાની તેમાં જરૂર એટલી છે કે શ્રાવક અગર શ્રાવિકાઓને જે દાન કરવાનું છે તેનો ઉદ્દેશ એવો હોવો જોઇએ કે શ્રાવક અને શ્રાવિકામાં ધર્મની શ્રદ્ધા તથા ધર્મની ધાર્મિક ક્રિયાઓ વિઘ્ન ન નડે અને શ્રાવક શ્રાવિકાઓ પોતાના ધર્મમાં ચૂસ્ત રહે. કેટલાકને વ્યવહારિક કેળવણીની ખાતર મદત કરવામાં આવે છે, પણ તેઓ જૈન ધર્મની શ્રદ્ધા વા આચારમાં યથાશક્તિ પણ પ્રવૃત્તિ કરતા નથી. તેમને ઉત્તેજન આપવાનું ફળ એજ સમજે છે કે સાંસારિક કાર્યોમાં મોજમઝા મારીએ. ધર્મ તો ફક્ત એક ધતીંગ છે. ઠીક છે. ધર્મના નામે આપણને મદત મળે છે માટે ઉપર ઉપરથી જરા ડોળ રાખવો જોઇએ. જો આવી વૃત્તિ, તેઓની સ્પષ્ટ સમજાય તો લાભાલાભનો દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી વિચાર કરી દાનને દેવું. એવા પણ નામના શ્રાવકો કોઇપણ પોતાના દાનથી ધર્મની શ્રદ્ધાવાળા થાય તેમ ઉપયોગ રાખી પ્રવૃત્તિ કરવી સંઘટે છે. અનેક પ્રકારના આરંભસારંભ કરીને જે લક્ષ્મી ભેગી કરવામાં આવે છે તેનાથી ધર્મી શ્રાવક બાંધવોને દાન આપતાં વિશેષ, વિશેષતર લાભ થાય તેમ પ્રવૃત્તિ કરવી ઘટે છે તેમાં પણ જે શ્રાવકો જૈનતત્ત્વોનો સદ્ગુરૂપાસે અભ્યાસ કરતા હોય. ધર્મનું શિક્ષણ લેઈ ધર્મનો ફેલાવો કરવા ખરા અંતઃકરણથી ઇચ્છતા હોય તેવા શ્રાવકોને દાનથી મદત કરવી તે અત્યંત ઉપયોગી કાર્ય છે. જે શ્રાવકો ભવિષ્યમાં સાધુપદ ધારણ કરવાની ઇચ્છા રાખતા હોય તેવાઓને પણ દાનથી મદત કરવાની જરૂર છે, શ્રાવક અને શ્રાવિકાઓને જે કંઇ લક્ષ્મીનું અનેક રીતે દાન કરવાનું છે તે ભક્તિભાવ ધારણ કરીને જ સમજવું. શ્રાવક અને શ્રાવિકાઓને પોતાના સગા બાંધવો વા બેનોની સમાન સમજીને તેમને આપવું જોઇએ. કંગાળ વા ગરીબને જેમ અનુકંપાની બુદ્ધિથી આપીએ છીએ તેમ થવું ન જોઇએ જેમ બને તેમ કીર્તિની ઇચ્છાવિના ગુપ્ત દાન આપવામાં મહાન્ લાભ સમાયલો છે. અન્ય ગરીબોની પેઠે શ્રાવકોને વા શ્રાવિકાઓને છાપામાં છપાવી વા બીચારા તે ગરીબ છે એમ દયા ખાઇ દાન ન આપવું જોઇએ, પણ

ભક્તિથી આપવું જોઈએ ઇત્યાદિ અનેક સૂચનાઓ છે તે ગુરૂગમથી ધારવી.

નવાં દેરાસરમાં જે લક્ષ્મી વાપરવામાં આવે છે તેના કરતાં જીર્ણોદ્ધારમાં વિશેષ ફળ કહ્યું છે. જ્યાં જ્યાં જીર્ણોદ્ધાર કરાવવા હોય ત્યાં યથાશક્તિ લક્ષ્મી વાપરવાથી દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે ધર્મ લાભ પ્રાપ્ત થાય છે.

---

# જ્ઞાનદાન.

શ્રી તીર્થંકર પરમાત્માકથિત જ્ઞાનદાન આપવાની અત્યંત આવશ્યકતા છે. જ્ઞાનદાનની ઉત્તમતા જેટલી વખાણીએ તેટલી ઓછી છે. આત્માનો મૂળ ધર્મ જ્ઞાન છે. આત્માના સર્વ ધર્મોમાં જ્ઞાન સ્વપરપ્રકાશક હોવાથી અત્યંત શ્રેષ્ઠતા ભોગવે છે. જ્ઞાનથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, સર્વ જીવોને જ્ઞાનનો લાભ આપવો એ ઉત્તમમાં ઉત્તમ દાન છે. મન, વાણી, કાયા, લક્ષ્મી અને સત્તા એ ચારથી જ્ઞાનનું દાન કરી શકાય છે. મનમાં અનેક જીવોને તત્ત્વજ્ઞાનનું દાન કરવાની ભાવના કરવી. સર્વ જીવોને તત્ત્વજ્ઞાન આપી મુક્તિ પમાડું આવી તીવ્ર ભાવનાથી તીર્થંકરનામ બંધાય છે. મનમાં આવી જ્ઞાનદાનની ઉત્તમ ભાવના ભાવવા માત્રથીજ આત્મા ઉચ્ચ કોટીઉપર આવે છે. અહો આ જગત્‌માં જ્ઞાનવિના જીવો આંધળા છે. બોલતા છતાં પણ તેઓ ફોનોગ્રાફ જેવા છે. હાથ પગથી ક્રિયા કરતાં છતાં પણ તેઓ બાજીગરની પુતળી સમાન છે. જ્યારે જ્ઞાનદશા થાય છે, ત્યારે સત્યવિવેક પ્રગટે છે. પોતાના આત્માનું હિત પણ જ્ઞાનથી થાય છે, આત્મજ્ઞાનવિના પરમાત્મપદ પ્રાપ્ત થતું નથી. માટે સર્વ જીવોને તત્ત્વજ્ઞાન આપવાને મનથી પણ વિચાર કરનાર જ્ઞાનીઓને ધન્યવાદ ઘટે છે. જે મનથી વિચાર કરે છે તે વાણી અને કાયા વ્યાપારથી જ્ઞાનદાન કરી શકે છે માટે મનથી જ્ઞાનદાન આપવાની ભાવના ભાવવાની આવશ્યકતા છે. સાધુઓએ તથા સાધ્વીઓએ જૈનશાસ્ત્રોનો અન્ય શિષ્યોને અભ્યાસ કરાવવો, કરતા હોય તેને સહાય આપવી. શ્રાવક અને શ્રાવિકાઓને જૈન તત્ત્વજ્ઞાનનો સારી રીતે ઉપદેશ દેવો, અન્ય બાંધવોને જૈનતત્ત્વનું જ્યાં ત્યાં ભાષણો કરી ઉચ્ચ જ્ઞાન આપવું. નાતજાતનો ભેદ રાખ્યાવિના સર્વ મનુષ્યોને આત્મિક તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપવા અત્યંત ઉદ્યમ કરવો. સાધુઓ તથા સાધ્વીઓએ સર્વ મનુષ્યવર્ગને બોધ થાય એવાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો લખવાં, લખાવવાં, સુધારવાં, છપાવવાં તત્ત્વજ્ઞાનના પુસ્તકોનો સર્વત્ર ફેલાવો કરવા મજબુત કમર કસવી, પ્રાણાંતે પણ

તેવા કાર્યથી વિઘ્ન આવે છતે પણ પાછા પડવું નહિ. તત્ત્વજ્ઞાનમય સૂત્ર ગ્રન્થોનું રક્ષણ થાય તેમ ઉપદેશ દેવો. જૂના ગ્રન્થોનો ઉદ્ધાર કરવો કરાવવો. નવાં પુસ્તકો લખાવવાં. જ્ઞાનતત્ત્વનો જેમાં અભ્યાસ થાય તેવી પાઠશાલાઓ સ્થાપવી તથા સ્થપાવવી, અનેક ભાષા જાણનારાઓને તત્ત્વજ્ઞાનનો બોધ થવા માટે જૈન તત્ત્વજ્ઞાનનો અનેક ભાષાઓમાં તરજુમો કરવો, કરાવવો, તેવો ઉપદેશ દેવો. કાયાથી જ્ઞાનની આશાતના ટાળવી. તત્ત્વજ્ઞાન ભણનારાઓની કાયાથી વૈયાવચ્ચ કરવી પુસ્તકોનું સંરક્ષણ કરવું. ઇત્યાદિ.

શ્રાવક તથા શ્રાવિકાઓએ ગુરૂઓ પાસે જૈન તત્ત્વજ્ઞાનનું જ્ઞાન અન્ય મનુષ્યોને અપાવવા મદત કરવી. મનમાં જૈન તત્ત્વજ્ઞાન સર્વત્ર ફેલાય તેવી વારંવાર ભાવના કરવી, વાણીથી જૈનતત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી અન્યને જૈન-તત્ત્વજ્ઞાનનું દાન દેવું. ગુરૂની આજ્ઞામાં રહી શ્રાવક તથા શ્રાવિકાઓએ અન્યોને લક્ષ્મીના વ્યયે જૈનતત્ત્વજ્ઞાન દેવરાવવું. કાયાથી જૈનતત્ત્વજ્ઞાન દેવા તથા દેવ-રાવવા પ્રયત્ન કરવો લક્ષ્મીના વ્યયે જ્યાં ત્યાં લાખો રૂપૈયા ખર્ચીને જૈનતત્ત્વજ્ઞાનનું દાન મળે એવી પાઠશાળાઓ સ્થાપવી સ્થપાવરાવવી. પુસ્તકો લખવાં લખાવવાં. જૂનાં પુસ્તકોનો ઉદ્ધાર કરવો. કરાવવો. સાધુઓ તથા સાધ્વીઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં મદત કરવી તથા કરાવવી, સાધુઓ તથા સાધ્વીઓને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ દેતાં મદત કરવી કરાવવી કરતા હોય તેની અનુમોદના કરવી. લક્ષ્મીના વ્યયે જુદી જુદી ભાષામાં જૈનતત્ત્વજ્ઞાનના પુસ્તકોના તરજુમા કરાવવા. અન્ય ધર્મીઓને જૈનતત્ત્વજ્ઞાનદાન અપાવવામાં લક્ષ્મીથી પૂર્ણ મદત કરવી કરાવવી. સાધુઓ તથા સાધ્વીઓને મદત કરી અન્ય ધર્મીઓને પણ જૈન જ્ઞાન અપાવવા મદત કરવી. સત્તાના બળથી જૈનતત્ત્વજ્ઞાનનો ફેલાવો કરવો તથા કરાવવો જે જે ઉપાયોથી જૈનતત્ત્વજ્ઞાનનું દાન થાય તેવા તેવા ઉપાયોને યોજવા. જૈનતત્ત્વજ્ઞાનના ફેલાવા માટે ધાર્મિક કેળવણી કોન્ફ-રન્સની સ્થાપના કરવી. ધાર્મિક શિક્ષણપદ્ધતિની વ્યવસ્થાની અનુક્રમણિકા બાંધવી. જ્યાં ત્યાં જૈનતત્ત્વજ્ઞાન પુસ્તકોનું સરસ્વતિમંદિર ( જ્ઞાનમંદિર ) સ્થાપવું. લખેલા તથા છાપેલાં સર્વ જાતનાં જ્ઞાન પુસ્તકો જ્યાં મળી શકે એવું લાખો રૂપૈયા ખર્ચી એક મોટું જ્ઞાનમંદિર સ્થાપવું. ઇત્યાદિ કાર્યોથી જૈનતત્ત્વજ્ઞાનનું દાન માનવબાંધવોને દેઇ શકાય છે. આ પ્રમાણે સાત ક્ષેત્રમાં દાન કરવાથી અનંતગુણ ધર્મફળ પ્રાપ્ત થાય છે. સાત ક્ષેત્રમાં પ્રથમ સાધુ ક્ષેત્ર કહ્યું છે. સાધુને ખીરનું દાન આપવાથી ગોવાલણના પુત્રે શાલિભદ્રનો અવતાર લીધો.

## શાલિભદ્રની કથા.

રાજગૃહીની પાસે એક ગોવાલણીને ઘેર એક પુત્ર હતો. તેને શ્રાવકોના પુત્રની સોબત હતી. શ્રાવકોના ઘેર છોકરાઓએ ખીરનું ભોજન કરેલું હતું. તેઓની વાત સાંભળી પોતાને પણ ખીર ખાવાની ઉલટ થઇ. પોતાની માતાને ઘણો આગ્રહ કરી હઠ લીધી. માતાએ શેઠાણીઓ પાસેથી જુદી જુદી લાવીને ખીર રાંધી પોતાના છોકરાને થાળીમાં ખીર પીરસી, ગોવાલણ પાણી ભરવા ગઇ, એવામાં એક માસોપવાસી સાધુ આવ્યા. પેલા ગોવાલણીના પુત્રને સાધુને વહોરાવાનું મન થયું. થાલીમાં એક રેખા કરી ચિંતવ્યું કે આટલી હું ખાઇશ અને આટલી હું ખાઇશ. આ પ્રમાણે વિચારી વહોરાવતાં મનમાં અત્યંત ભાવ ઉલ્લાસમાન થયો. રોમરોમ ખડી થઇ. સાધુને વહોરાવાથી ઘણું પુણ્ય બાંધ્યું. મરીને તે પુણ્યના યોગે રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠ અને સુભદ્રા શેઠાણીને ત્યાં અવતાર લીધો. તેમના પિતા દેવલોકમાંથી નવાણું પેટીઓ મોકલતા હતા. શ્રેણિક રાજા કરતાં અત્યંત રૂદ્ધિ પ્રાપ્ત થઇ. અત્યંત પુણ્યનાં સુખ ભોગવવા લાગ્યા. શ્રી વીર પ્રભુ પાસે દીક્ષા લેઇ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા અંતે મનુષ્યનો ભવ ધારણ કરી મુક્તિપદ પ્રાપ્ત કરશે. ઇત્યાદિ.

સુપાત્રદાનોના ભેદો ઉપર આ પ્રમાણે અનેક કથાઓ છે. પણ વિસ્તારના ભયથી લખી નથી. જેમ બને તેમ **જ્ઞાનદાન** આપવા વિશેષ પ્રયત્ન કરવો. દ્રવ્ય ક્ષેત્ર કાલ અને ભાવથી સાત ક્ષેત્રમાં દાન દેવું જોઇએ.

## ૩ ઉચિતદાન.

જેને જે કંઇ ઉચિત જાણી આપવા યોગ્ય હોય તે આપવું જોઇએ. ઉચિતદાનથી વ્યવહારમાં માનપ્રતિષ્ઠા જળવાઇ રહે છે. લોકોમાં ત્હેની વાહવાહ ગણાય છે. સ્વજન કુટુંબવર્ગ ઉચિતદાનથી સંતોષ પામે છે અને રાજી રહે છે. ઉચિતદાનની પણ ઉચિત અવસરે આવશ્યકતા સમજાય છે.

## ૪ અનુકમ્પાદાન.

સર્વ જીવોની દયા માટે તન મન વાણી અને લક્ષ્મીથી દાન દેવું જોઇએ. ગરીબ લુલાં લંગડાંને દયા લાવી કંઇક યથાશક્તિથી આપવું જોઇએ. અનુકંપાબુદ્ધિથી સર્વ જીવોને દાન આપવું જોઇએ. પોતાને ઘેર ગમે તે ધર્મનો ભિક્ષુક ભિક્ષા માગવા આવે તો શ્રાવકોએ યથાશક્તિ દયા લાવી દાન દેવું. આમ દાન દેવાથી લોકોનું ભલું કરી શકાય છે, અને

અન્ય લોકો પણ જૈનધર્મના ગુણ ગાય છે. દાતાર મનુષ્યો અન્યનું દુઃખ દેખી તેમાં ભાગ લે છે. ધનની સાફલ્યતા દાન દેવાથી છે. ગરીબ દુઃખી મનુષ્યોનાં દુઃખ દેખી જેની આંખમાં અશ્રુની ધારા છૂટતી નથી તેની દયા-દષ્ટિ કેવી હોય ! દુઃખીઓને દુઃખમાંથી મુકાવવા પ્રયત્ન કરવો જોઇએ. એજ હિતશિક્ષા છે.

## ૫ કીર્ત્તિદાન.

કીર્ત્તિદાન પણ કરવાની કોઇ અપેક્ષાએ અમુક સંયોગોમાં જરૂર છે. ભાટ ચારણ **છાપાવાળા** વગેરે કે જેને આપવાથી લોકમાં કીર્ત્તિ ગવાય તેને કીર્ત્તિદાન કહે છે. કીર્ત્તિદાનમાં તે મનુષ્યોની સહેજે પ્રવૃત્તિ થાય અને તેનું આ ભવવિના અન્ય ભવમાં વિશેષ ફળ નથી, માટે તેનું વિશેષ વર્ણન કર્યું નથી. લોકોમાં મોટા થવાય તથા વાહવાહ કહેવાય. મોટી મોટી દુનિયામાં પદ-વીઓ મળે તે માટે તો પદવી પુર છે. લોભાઇને અનેક જીવો લક્ષ્મી ખર્ચે છે. પણ આત્મહિત માટે અન્યોના દુઃખોનો નાશ કરવા માટે ખર્ચે તો તેમનું કલ્યાણ થાય. અમુક અપેક્ષાએ કીર્ત્તિદાનને કોઇક કરતા હોય તે અમુક અપેક્ષાએ યોગ્ય છે. આ પાંચ પ્રકારનાં દાન સમજી ઉત્તરોત્તર વિ-શેષ લાભ દેનારાં દાનોમાં પ્રવૃત્તિ કરવી જોઇએ.

દાનથી માનિનાં માન જાય છે. દાનથી શત્રુઓ પણ મિત્ર બને છે. દુઃખરૂપ અગ્નિની શાંતિ માટે મેઘસમાન દાન છે. દાનથી લક્ષ્મીની લીલા પમાય છે. જગતમાં દાતારનાં નામો સદાકાળ અમર રહે છે. સૂર્યના પહેલાં દાતાર લોકોના નામનો મનુષ્યોના હૃદયમાં ઉદય થાય છે. તીર્થંકરો પણ દીક્ષા લીધા પહેલાં એક વર્ષપર્યંત સાંવત્સરિકદાન આપે છે. અને પ્રતિદિવસ એક ક્રોડ અને આઠ લાખ સોનૈયા આપે છે. દાનથી દુઃખી-નાં દુઃખો નાશ પામે છે. દાનથી કર્ણરાજા જગતમાં દાનેશ્વરી ગણાયો છે. દાનથી જગતનાં માન મળે છે. દાન દેવાથી તીર્થંકરનો અવતાર પ્રાપ્ત થાય છે. હે ભવ્યો ! મનુષ્યભવ પામીને પોતાના હાથે દાન દેઇલ્યો. હસ્તથી દેતાં પરભવમાં ધર્મ સાથે આવે છે. જેની લક્ષ્મી પરને દાન દેવામાં વપરાતી નથી તેની લક્ષ્મી અને માટીમાં કંઇ ફેર જણાતો નથી. લક્ષ્મી ચંચળ છે. પરભવમાં સાથે આવનાર નથી. વસ્તુપાળ, કુમારપાળ, વિમળશાહ, સંપ્રતિરા-જાની પેઠે હે બંધુઓ ! દાનને દેઇ પરભવનું ભાથું ગ્રહણ કરી લ્યો. દાન એ તમારો સદાનો સુખકારક મિત્ર છે. દાન એજ સદાની શાંતિનો મંત્ર છે.

દાનથી પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. માટે દાન દેવાની બુદ્ધિ ધારણ કરી હિત શિક્ષાને આચારમાં મૂકશો તેથી મંગલમાલા પામશો.—

ॐ शान्तिः

---

# "जैनोनुं शांत धाम."

અનુસંધાન ગતાંકના પૃષ્ટ ૧૨૩ થી ચાલુ.

( લખનાર મુળચંદ આસારામ વૈરાટી. )

આજે દુનિયાના થોડાએક અબજપતિઓ ધનને કેમ સાચવવું, તેની શી વ્યવસ્થા કરવી, તેની ચિંતામાં પડ્યા છે, ત્યારે દુનિયાના કરોડો માણસો પેટ શી રીતે ભરવું તેની ફીકરમાં પડ્યા છે. અને હજારો માણસો શી રીતે કમાવું, શી રીતે એકઠું કરવું, અને તેને ભોગવવાના સાધનો મેળવવાની ધમાલમાં પડ્યાં છે. આવા સમયમાં ધનનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તે કાંનું છે? ક્યાં સુધી ટકવાનું છે? તે ઉપર અજવાળું પાડવાને વૈરાગ્યનો વિષય બહુ ઉપયોગી થઇ પડે તેમ છે. વૈરાગ્ય એટલે દુનિયાની તમામ વસ્તુઓ ઉપરથી વિરાગભાવ લાવી સંસારનો ત્યાગ કરી જંગલમાં ચાલ્યા જવું તેવો તેનો એકાંતે અર્થ થતો નથી. પરંતુ આ પૌદગલિક વસ્તુઓ તરફથી જેટલો બને તેટલો આસક્તીભાવ ઓછો કરવો, અને આ સંસારીક વસ્તુઓ તરફ ઉદાસીનભાવ રાખવો.

પરંતુ આ જગત તરફ નજર નાંખતાં આ સંસારમાં રહેલાં મનુષ્યોના ધન, સ્ત્રી, પુત્ર, અને દેહાદી ઉપરનાં મમત્વભાવ એટલી બધી હદ ઓળંગે છે કે તેનો ચીતાર આપતાં દુનિયાના અનુભવી વિદ્વાનો કહે છે કે મોક્ષના ગાડાં મળતાં હોય અને ગાડાંવાળા બે રૂપીયા માંગે તો તેની જોડે ભાવ પરઠી રૂપીયો સવા રૂપીયો આપવાનાં કોશીસ કરી તેઓ આઠ બાર આના બચાવી પુત્રો માટે મુકતા જાય, હકીકત આવી છે અને તે આપણે રોજ નજરે જોઇએ છીએ.

આથી કરીને ધન, સ્ત્રી, પુત્ર, અને દેહાદીકનું સત્યસ્વરૂપ સમજાય અને તે ઉપરથી કંઇક આશકતી ઓછી થાય અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાની ઇચ્છા થાય. એવા સાધનો યોજવાની આ જમાનામાં બહુ જરૂર જણાય છે, આ પ્રવૃત્તિમય પવનથી ઘેરાયલા જમાનામાં આપણું સાધ્યબિંદુ ધાર્મિકતત્વ ચિંતવન તરફ રહી શકવું મુસ્કેલ છે કારણ કે આપણી

ભાવનાઓ કાંઇક આધિભૌતીક, કાંઇક ઇંદ્રિયાર્થરત, અને ઢંગ ધડા વગરની થઇ પડી છે, એમ સમાજના અભ્યાસકોને જણાય છે. આપની ભાવનાઓ શુદ્ધ નથી એ પણ આ સ્થળે સમજવવું જરૂરનું છે. જેવી ભાવના તેવા ઉદ્દેશ હોય છે, અને તેમાં જેટલે અંશે ઓછાસ હોય છે તેટલા અંશે તે ગોથા ખાધા કરે છે,

આ જીવનનો હેતુ શો છે? જન્મવું, ધુળમાં રગદોળાવું, સ્તનપાન કરવું, અભ્યાસ કરવો, ધન કમાવું, પરણવું, મોજ શોખ મારવા અને મરી જવું. એ વાત તો સામાન્ય થઇ. પરંતુ જીવનનો મહાન્ હેતુ શો છે? એ વિચારી તદનુસાર ભાવના--મૂર્તિ નિર્માણ કરવી જોઇએ એ મૂર્તિ નિ-ર્માણ થાય ત્યાર પછી તે મૂર્તિના વર્તન પ્રમાણે અનુકરણ થાય છે. આવી જાતનો વિચાર કરવાનું આ જમાનામાં બનતું નથી અગર બહુ અલ્પ બને છે. તેથી ભાવનાની શુદ્ધિ અર્થે આવા લેખોની આ જમાનામાં બહુ જરૂર જણાય છે.

ભાવનાની શુદ્ધિ અર્થે આથી પણ સરળ માર્ગ તો એજ છે કે જેઓ વસ્તુસ્વરૂપને ઓળખી તેનાથી વિરામ પામી આત્મિક ઉન્નતિ કરવા-માંજ જીવન પસાર કરતા હોય, તેઓની પાસે બેસી સત્ય સ્વરૂપ સમજ-વાની બહુ જરૂર છે. સત્સંગનો મહિમા બહુ છે, જેઓમાં ગુણ ઉત્પન્ન થાય છે, તેઓજ ગુણનો વાસ્તવિક બોધ કરી શકે છે અને ખરેખરી અસર પણ તેઓનાજ બોધથી થાય છે. દાખલાતરીકે સમતાગુણ જેઓમાં ઉત્પન્ન થયો હોય છે તેઓના સંબંધમાં માત્ર અડધા કલાક આવવાથી જે અંતરઆત્મા અનિર્વચનીય સુખ અનુભવેછે અને જે આત્મિક આનંદ થાય છે, તે અતીવ છે, અવર્ણનીય છે, મહાન્ છે. આવા મહાત્માઓની નિરંતર સેવા કરવાનું બને તો ટુંક સમયમાં કાર્યસિદ્ધિ થઇ જાય, પરંતુ આ કાળમાં આ બાબતમાં બે જાતની અગવડો છે. આવા મહાત્માઓ બહુ થોડા છે. અને તેનો લાભ લેનારા પણ બહુ અલ્પ છે. બાહ્ય આડંબરનું કામ એટલું બધું તો વધી ગયું છે, કે સત્ય મહાત્મા કોણ છે! અને તે ક્યાં છે! તે શોધવું પણ મુશ્કેલ પડ્યું છે.

આ સિવાય **પુસ્તકસંગ** પણ સત્સંગ જેટલો લાભ આપી શકે તેમ છે, પરંતુ ઉપલક વાંચી જવા કરતાં વાંચીને મનન કરવાની જરૂર છે. **દશ કલાક વાંચવાની જરૂર નથી પરંતુ દશ મિનિટ વાંચીને તે ઉપર દશ કલાક મનન કરવાની જરૂર છે. દશ કલાકના એકલા**

**નથી. પરંતુ દશ કલાક મનન કરીને મેળવેલા અનુભવને વર્તનમાં મુકવાની જરૂર છે.** આવી રીતે જ્ઞાનને ક્રીયામાં મુકાશે ત્યારેજ સાધ્યવસ્તુ પ્રાપ્ત થશે અને અંતર વૈરાગ્ય ઉત્પન્ન થશે.

જ્યારે વૈરાગ્યના વિષયમાં પ્રવેશ થયો એટલે સગા સ્નેહીઓનું સ્વરૂપ, પ્રીય પ્રેમદાનું સ્વરૂપ, ઘર ઘરેણાંનું સ્વરૂપ, સુંદર મહેલોનું સ્વરૂપ, બાગ બગીચાઓનું સ્વરૂપ, ઉત્તમ ગાલીચાઓનું સ્વરૂપ, ફ્રેન્ચ પોલીસ ફરનીચરનું સ્વરૂપ, ગાડીઘોડાનું સ્વરૂપ, અને તે સર્વની સાથેનો જીવનો સંબંધ સમજાશે અને તેનું સત્યસ્વરૂપ સમજાયું એટલે તે વસ્તુઓ ઉપરથી વીરાગ ભાવ ઉત્પન્ન થશે. અને ઉદાસીન ભાવના જાગૃત થશે, તેજ વખતે સમજાશે કે હજારોના ખર્ચથી બંધાવેલા મહેલો નાશ પામશે, નાશ પામવાની સ્થિતિ પ્રાપ્ત થતાં પહેલાં તેના બાંધનારાઓ ચાલ્યા જશે. તેઓ કયાં ગયા તેનો પત્તો પણ લાગશે નહીં. પરમપ્રીય મીત્રો, પ્રાણાધિક પત્ની, જીવથી વહાલો. પુત્ર, પ્રેમી પિતા, વાત્સલ્ય ભરપુર માતા જ્યારે છેડો છોડી ચાલ્યા જશે, ત્યારે પુત્ર, મિત્ર, કે પત્નિનું શું થયું તેની સંભાળ લેવા પણ આવશે નહી. આ હકીકતથી જીવોના સ્નેહ સંબંધની હકીકત ખરેખર સમજાય તેવી છે.

જીવ જે વસ્તુઓને પોતાની માને છે, તે વાસ્તવિક રીતે તો પોતાની છે જ નહીં. જો પોતાની હોય તો વાંઝામાં વહાલી સ્ત્રી શા માટે મરી જાય? પ્રીયમાં પ્રીય પુત્રને મુકીને શા માટે મરી જવું પડે? સુંદરમાં સુંદર ઘરેણાં શા માટે ભાગી જાય? મનહરમાં મનહર મહેલોને ચકચકીત ફરનીચર શા માટે તુટી જાય? લાખોની મુડીવાળા શા માટે દેવાળા કાઢે? ચક્રવર્ત્તિના રાજ્ય શા માટે ચાલ્યાં જાય? કુબેર ભંડારીના ભંડાર શા માટે ખાલી થાય? એ સર્વનું કારણ શું? જો તે પોતાનું હોય તો શા માટે પારકાનું થઈ જાય. પારકાનું થઇ શા માટે આપણને ક્લેશ કરાવે?! ચેતનરાજ! પૌદગલિક વિષયોથી હવે દૂર ખશો, આત્મિક ભૂમિમાં પ્રવેશ કરવાની તૈયારી કરો, અસાધારણ પૂરૂષાર્થને જાગૃત કરી તમે તમારા તરફ દેશનું પ્રયાણ શરૂ કરો, રસ્તામાં તમારા આત્મિક ધનને લુંટનારા ઘણા લુંટારાઓ આવનારા છે. પરંતુ તેથી ડરી જઇને તમે તમારા પૂરૂષાર્થને કિંચિત્માત્ર પણ પાછુ હઠવા દેશો નહીં! તમારા માર્ગમાં વિઘ્ન નાંખનારા, તમારા ખરા રસ્તાને ભૂલાવનારા તે મોહરાજાના લુંટારાઓને તમારે ઓળખવાની જ-

રૂર છે, તેમજ તમારા માર્ગને સરળ કરી આપનાર અને મોહના લુંટારાઓથી બચાવનારા નિરુપક્ષપાતિ ભોમીયાને પણ બરોબર ઓળખવાની જરૂર છે. તેઓની નામાવલી આપતાં પહેલાં આ શાંતિના ધામની અધિષ્ઠાત્રી **સમતાના** સંબંધમાં થોડો એક પ્રકાશ પાડીને આપણે આપણા માર્ગનું પ્રયાણ શરૂ કરીએ.

---

# कषाय चतुष्टय क्रोध.

( **લેખક**—ભીખાભાઇ છગનલાલ શાહ. )

( અનુસંધાન અંક ચોથાના પાને ૧૨૧ થી. )

કુરૂડ અને અકુરૂડ સાધુઓએ ક્રોધવડેજ કુગતિ વહોરી છે. કુગતિએ પહોંચાડનાર, કુલટા સ્ત્રી જેવી, ક્રોધ તે કુમતિ છે. અરે ! સાક્ષાત્ કુગતિજ કહોને ! પ્રસનચંદ્ર રાજર્ષિએ ક્રોધથીજ સાતમી નર્કનું દળીઉ બાંધ્યું હતું અને વળી તેના ત્યાગથીજ મુક્તિનું સગપણ સાંધ્યું હતું. મહાન્ તપસ્વી એક મુનિવર જોકે વિરાગવાટિકામાંજ વિચરનાર હતા તોપણ માત્ર ક્રોધથીજ ચંડકૌશિક નાગ થયા હતા અને પરોપકારી—મહાન્ પરોપકારી શ્રી વર્ધમાન પ્રભુની, પોતે તેને ડંશવા છતાં પણ પોતા પ્રત્યેની ક્ષમા નીરખીને અને તેમના-ઉપદેશથી પોતે પણ ક્ષમા, ક્રોધત્યાગ, પામીને કલ્યાણ કર્યું હતું. પ્રભુ પાર્શ્વનાથને ઉપસર્ગ કરીને નર્ક તિર્યંચાદિ દુઃખો પામનાર કમઠ સંન્યાસીનો દાખલો ક્યાં દૂર છે ? ક્રોધની ધૂનમાં ને ધુતમાં પાંડવોની સભામાં આવનાર દુર્યોધન, સ્થળ રચનામાં વિભ્રમ ખાઇ તેજ ક્ષણે ક્રોધના પરિણામમાં જળના સ્થળે સ્થળ અને સ્થળના સ્થળે જળ માની ફટાયોજ છે. પરિણામમાં બીજીજ પળે પરાભવ પામ્યો છે. ઉદય રત્નજી કહે છે કે.

કડુવાં રે ફળ છે ક્રોધના, જ્ઞાની એમ બોલે.
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે.

હળાહળ તો એકજ વખત પ્રાણ લેનાર છે, અને ક્રોધ તો ભવોભવ દુઃખ દેનાર છે. અને માટેજ ઇચ્છવાયોગ્ય છે કે.—

ઝેરી દાઢવાળા ભયંકર છેડાયલા સર્પનો સ્પર્શ સારો ! વિકાળ વાઘનો કે દોટે દોડયો આવતા કેશરીસિંહનો પંજો પડવો સારો ! મુગલ શેહેનશાહની જોહુકમાઇનથી અગર અનાયાસ પણ દારૂ પાઇને ગાંડા કરેલા હાથીની અથડામણમાં આવવું સારૂં ! પ્રાણહારક હલાહલ વિષમાત્રનો કોઠામાં જવું

સારૂં ! શસ્ત્રમાત્રનો એકીસાથે શરીરઉપર સંપાત સારો ! જીવતાં ચામડી ઉં-તારનાર શત્રુ સારો ! આકાશમાંથી રસ્તે ચાલતાં માથે પડેલી વિજળી સારી ! ભયંકર ભુતપ્રેતાદિ વ્યંતરનો વળગાડ પણ સારો ! હવામાં અધર ફેરવી ફેરવી પથ્થરની ખાણની ઉંડાણમાં ફેંકી દેનાર,–પછાડનાર વંટોળીઓ સારો ! ખુદ આ દેહનું દાવાનળના રૂપમાં બદલાઈ જવું સારૂં ! અને આથી પણ જે વધુ દૈહિક બુરામાં બુરૂં હોય તે બધાનું એકીસાથે, સાત કે નવગ્રહ ભેગા થાય છે, તેવી રીતે ભેગા થવું સારૂં, પરંતુ માત્ર આ એકજ કાળમુખી, વ્યાલ–ક્રોધનું દર્શન મા હોજો ! કારણકે આ બધા બાહ્યશત્રુઓ તો અંતર,–આત્મ,–દેવની નિર્જરાનાજ કારણ છે, પરંતુ પેલો ક્રોધ તો તેથી વિપરીત પરિણામી છે. અંતર્યામિનો આ લોકનો સાક્ષાત્ પરમાધામી છે. ક્રોધ કરનાર પ્રાણી નિશ્ચય અધોગામી છે.

સર્પના ડંશ વખતે પણ જો સમતા રહેતો નિર્જરા થાય છે. તે નિ-ર્જરાને અટકાવી અહિત કરનાર તે સર્પપ્રતિ પ્રગટતો દુષ્ટ ક્રોધજ છે. અરેરે ! જેનો સ્વિકાર કરવાથી સત્યાનાશજ વળે તેવો વિશ્વાસઘાતી મિત્ર તો વિશ્વ આખામાં આ એકલોજ ક્રોધજ છે !

જે પ્રભુના શાસનમાં આપણે છીએ તેજ શ્રી મહાવીર પ્રભુના જીવે પણ કેટલાએક ભવોમાં ક્રોધનો આશ્રય કરવાથી તેમના જેવાને પણ તેની ક્યાં થોડી સજા વેઠવી પડી છે ? કાનમાં ખીલા ઠોકાયા તે ક્રોધનુંજ પરિણામ હતું. હવે વિચારો કે આપણા જેવા પરમાત્માઓએ આવા દુબળા કાળમાં ક્રોધથી કેટલુંબધું સાવધાન રહેવા જેવું છે ?

આપણા રોજના વ્યાપારવણજના અનુભવથી કોણ અજાણ છે કે ગ્રા-હકપ્રત્યે ક્રોધથી વેપાર કરનાર કદીપણ ફાવી શકતો નથી.

ટુંકામાં દુર્દશાનો સખત વખત લાવનાર ક્રોધજ છે. બંધન માત્રથી આત્માને બાંધનાર, અને સંકટમાત્રથી સાંધનાર તે ક્રોધજ છે. તે કેવળ ત્યા-જ્ય છે. જેને પૂછો તે સર્વ કબૂલ કરે છે કે ક્રોધ બૂરો છે. પણ અફ-સોસ ! કે આ શૂરો આત્મા તેને પૂરો પડતો નથી. સૌ કોઈ તેની જાળમાં ફસાવાની ભૂલ કરે છે. તેનો આશ્રય કરી પોતાનીજ મેળે પેટ ચોળી શુળ પેદા કરે છે અને તેમ કરીને પોતાનું સમતાપણું દૂલ કરે છે.

બેશક ! જુના ક્ષયરોગના વ્યાધિને કાઢવાને ધીમે ધીમે મક્કમ પથ્ય સાથે અકસીર ઔષધોની અજમાયશ ફતેહમંદ નીકળે છે. ક્રોધ તે પણ તેવોજ વ્યાધિ છે. તેની ઔષધિ ક્ષમા છે. ક્ષમા એજ આત્માનો સ્વભાવ છે અને

ક્રોધ તે વિભાવ છે. વિભાવની ઔષધિ સ્વભાવ છે. માટે ક્ષમારસને આદરવાનો પ્રયત્ન કરવો ઘટે છે. મૈત્રીભાવના એ ક્ષમારસનું અનુપાન કહીએ તો ચાલે અને સ્મૃતિ કરાવનાર કે ધૃતિ સ્થાપનાર કહીએ તો પણ ચાલે. "સર્વ-જીવો મારા મિત્રો છે. મારો કોઈ શત્રુ નથી. હમો બધા આત્માઓ ન્યુનાધિકપણે કર્મની જાળમાં ફસાયેલા છીએ. હમો બધા પરાધીન છીએ. હમારે બધાને સ્વતંત્ર થવાનું છે. અરેરે! હમે ક્રોધ કોનાઉપર કરીએ છીએ" હમેશાં હૃદયક્ષેત્રમાં આ મૈત્રી ભાવનારૂપી પવિત્ર સરિતાનું જો વહન રહ્યા કરે તો ક્રોધાદિ તમામ વિષમય વેલા ઘસડાઇ કેવળ અદ્રશ્ય થઇ જાય. પ્રમોદ, કારૂણ્ય અને ઉપેક્ષા ભાવના પણ આ સરિતામાં ભળનારી બીજી સરિતાઓ છે. આ ભાવનાઓ હરનીશ ભાવવાથી ક્રોધ કદીપણ પાસે આવી શકતો નથી. સર્વ જીવો માટે મૈત્રી ભાવના તે પ્રથમ ભાવના છે. અને તેના અંગે સર્વ જીવોનું કલ્યાણ થાઓ, સર્વજીવોનો મોક્ષ થાઓ એમ ઇચ્છવાયોગ્ય છે. ગુણવંતઉપર—ક્રોધાદિ શત્રુથી વિરકત પુરૂષોઉપર—પ્રમોદભાવના એટલે પ્રસન્નતા તે બીજી ભાવના છે. ક્રોધાદિ શત્રુઓને વશ થવાથી પરિણામે દુઃખી થયેલા જીવોઉપર દયા લાવી તેઓનું પણ કલ્યાણ ઇચ્છવું એ ત્રીજી ભાવના છે અને કર્મવશે કોઈ પણ ઉપદેશ—વચનને નહિ ગણકારતાં પરપરિણને વશ થઇ ક્રોધાદિ દુસ્મનોની જાળમાં ફસાનાર પ્રાણીઓપ્રતિ માધ્યસ્થતા ચોથી ભાવના છે. આ ચાર મહા સરિતાઓના પ્રવાહ પાસે ક્રોધાદિ હજારો શત્રુઓના શા ભાર છે કે તેઓ પળવાર ટકનાર છે? ઉપરોક્ત ચાર મહા અનુપાન સાથે ક્ષમારૂપી મહા રસાયન ઔષધિનું સેવન કરવાથી ક્રોધ, જ્વર જીર્ણ થઇ જાય છે. હવે અનુપાનની પણ જરૂર છે. અને તે અનુપાન તે યતના અગર ઉપયોગ તેજ જાણવું.

જેમ વિદ્યાર્થીમાં જરાક ભુલ આવે અગર તેનાથી સ્હેજ પણ ગુન્હો થાય તો ફરીથી તેવો ગુન્હો ન કરે તેવા હેતુથી જેમ શિક્ષક તેને સજા કરે છે તેમ તેવા જ ઉપાય અત્ર યોજવાની જરૂર છે.

જ્યારે ક્રોધવિષ અંગમાં વ્યાપે ત્યારે જો તે ઉદ્ભવ થયાની સ્મૃતિ આવે તો તેજ વખતે અગર ક્રોધ ઉતર્યા પછી જ્યારે યાદ આવે ત્યારે નરત જ પોતાની ભૂલની પોતે ગમે તે તરતજ સજા સહી લેવી. ગમે તો તેજ વખતે પાંચ દશ નમસ્કાર મંત્રનું સ્મરણ કરવું અગર એક નવકારવાળી ગણવી કે એક સામાયિક કરવી કે એક ઉપવાસ કરવો કે એક દિવસ ઘી ન ખાવું અગર પોતાને અનુકૂળ સજા સહી લેવી. શરૂઆતમાં ઘણા

ભાગે, ઘણી વખત ક્રોધ થતો હોવાથી નમસ્કાર મંત્ર ગણવાનું વધારે સુગમ અને હિતકર થઇ પડશે. કોઠામાં જેમ જેમ ઔષધની અસર થાય તેમ તેમ રોગ અગીઆરા ગણે છે. તેમજ જેમ જેમ આ ઉપયોગ જેમ જેમ વધતો જશે અને જેમ જેમ સજા ભોગવવી પડશે તેમ તેમ ક્રોધ પાતળો પડતો જશે કારણ કે તે જોશે કે હવે તેના સામે ઉપાય યોજાયો છે

આવી રીતે ઉપરોક્ત અનુપાનના પથ્ય સાથે ક્ષમાનું સેવન કરવાથી જરૂર ક્રોધનું નિકંદન થાય છે. સાધુઓ પૂજાય છે શાને માટે ? ક્ષમાના ધારક હોવાથી તે ક્ષમા શ્રમણો પૂજાય છે.

મેતાર્ય મુનિનું શિખર સુવર્ણકારે વાધરડીથી વીંટીને તે મહાપુરૂષને તેણે મહાવેદના કરી હતી છતાં પણ તે સમયમાં ક્ષમા ધરવાથી તે મુનિવર ક્ષમા સાગર કહેવાઇ મુક્તિએ પહોંચ્યા. મહાવીર પ્રભુ તથા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પોતાને ઉપસર્ગ કરનાર પ્રતિ પણ ક્ષમા ધરવાથી જ કેવળજ્ઞાન પામ્યા હતાં. ટુંકામાં ઇષ્ટ સિદ્ધિનું સાધનજ ક્ષમા છે. ધારવા યોગ્ય શૃંગાર, પરણવા યોગ્ય સ્ત્રી, વસવા યોગ્ય ધરિત્રી ( સૃષ્ટિ ) વિહાર કરવા યોગ્ય વાટિકા તથા સ્નાન કરવા યોગ્ય સરોવર તે ક્ષમાજ છે. ક્ષમા એજ સ્વસ્વરૂપનું ઓતપ્રોત થવાપણું છે. માટે તે ક્ષમા ઔષધિ સેવીને ક્રોધ વ્યાધિને વિદારવી ઘટે છે. જ્યાં સુધી કેવળ આવી ક્ષમા ધારી સ્થિતિ ન સંપ્રાપ્ત થાય ત્યાં સુધી કદી કદી ક્રોધ કરવાની ઇચ્છા હોય તો પ્રશસ્તજ ક્રોધ કરવો અને તે પ્રશસ્ત ક્રોધ તે એજ કે ક્રોધાદિ શત્રુઓનીજ સામે ક્રોધ કરવો. ટુંકામાં સર્વ પ્રાણીઓ ક્રોધથી બચો એજ મહારી સદૈવ ભાવના છે.

બીજા નંબરે ચંડાળ માતાજી બિરાજીત છે, જેનું સ્વરૂપ આવતા અંકમાં આવશે.

**શાહ. ભીખાભાઈ છગનલાલ—અમદાવાદ.**

---

# श्री सोमसंदर सूरिकृत पर्यन्ताराधना.

માંદો મનુષ્ય નમસ્કાર કરીને આ પ્રમાણે કહે છે. હે ભગવન્ ! હવે અવસરને ઉચિત ફરમાવો, ત્યારે ગુરૂ છેવટની આરાધના આ પ્રમાણે કહે છે. ૧

અતિચારને આલોવવા જોઇએ, વ્રતો ઉચ્ચરવા જોઇએ, જીવોને ક્ષમા આપવી જોઈએ, અને ભવ્ય આત્માએ અઢાર પાપસ્થાનક વોસરાવવાં જોઇએ. ૨

ચાર શરણ ગ્રહણ કરવાં જોઇએ; દુષ્કૃત (પાપ) ની નિંદા કરવી જોઇએ; અને સારાં કામોની અનુમોદના કરવી જોઇએ, અનશન કરવું જોઇએ, અને પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા જોઇએ. ૩

જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, વીર્યમાં, એ રીતે પંચવિધ આચારમાં લાગેલા અતિચારો આલોવવા જોઇએ ૪.

સામર્થ્ય છતાં પણ જ્ઞાનીઓને વસ્ત્ર અન્ન વિગેરે ન આપ્યું હોય અથવા તેમની અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૬

પાંચ પ્રકારનાં જ્ઞાનની નિંદા કરી હોય અથવા ઉપહાસ ( મશ્કરી ) કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૭.

જ્ઞાનનાં ઉપકરણ પાટી પોથી વિગેરેની જે કોઇ આશાતના થઇ હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૮

નિઃશંકા વિગેરે આઠ પ્રકારના ગુણ સહિત જે સમ્યક્ત્વ રૂડે પ્રકારે મેં પાળ્યું ન હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૯

જીનેશ્વરની યા જીન પ્રતિમાની ભાવથી પૂજા કરી ન હોય અથવા અભક્તિથી પૂજન કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૦

દેવ દ્રવ્યનો મેં જો વિનાશ કર્યો હોય અથવા બીજાને નાશ કરતો જોઇ ઉપેક્ષા કરી હોય તો તેમારૂં દુષ્કૃત મિથ્યા થાઓ ૧૧

જીનેંદ્ર મંદિર વગેરેમાં આશાતના કરનારને પોતાની શક્તિ છતાં ન નિષેધ્યો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૨.

પાંચસમિતિ સહિત અથવા ત્રિગુપ્તિ સહિત નિરંતર ચારિત્ર ન પાળ્યું હોય તો તેમારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૩

કોઇપણ રીતે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિ કાયાદિ એકેંદ્રીય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત થાઓ.

કીડા, શંખ, છીપ, પુરા, જળો, અલશીઆં વગેરે બે ઇંદ્રિય જીવોનો વધ થયો હોય તે મારૂં દુષ્કૃત થાઓ. ૧૫.

કુંથુઆ, જુ, માંકડ, મંકોડા, કીડા વિગેરે જે તેરેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૬.

વીંછી, માંખ, ભ્રમર વિગેરે ચતુરેંદ્રીય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૭.

પાણીમાં વસનાર, જમીન ઉપર વસનાર કે આકાશમાં ઉડનાર કોઇ પણ પંચેન્દ્રીય જીવોનો વધ થયો હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. ૧૮

ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી અથવા પરવશપણાથી મેં મૂઢ થઇને જે અસત્ય વચન કહ્યું હોય તે હું નિંદુ છું. તેની ગર્હા કરૂં છું. ૧૯

કપટ કલાથી બીજાને છેતરીને થોડું પણ નહીં આપેલું ધન મેં ગ્રહણ કર્યું હોય તે હું નિંદુ છું, તેની ગર્હા કરૂં છું. ૨૦.

રાગ સહિત હૃદયથી દેવના સંબંધી, મનુષ્ય સંબંધી, અથવા તિર્યંચ સંબંધી જે મૈથુન મેં આચર્યું હોય તેની હું નિંદા ને ગર્હા કરૂં છું. ૨૧.

ધન, ધાન્ય, સુવર્ણ વગેરે નવપ્રકારના પરિગ્રહ સંબંધમાં જે મમત્વ ભાવ મેં ધારણ કર્યો હોય તેની હું નિંદા–ગર્હા કરૂં છું. ૨૨.

જુદી જુદી જાતનાં રાત્રિભોજન ત્યાગના નિયમોમાં મારાથી જે ભૂલ થઇ હોય તેની હું નિંદાને ગર્હા કરૂં છું. ૨૩.

જીનેશ્વર ભગવાને કહેલો બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનો તપ જે મારી શક્તિ પ્રમાણે ન કર્યો હોય તેની હું નિંદા ને ગર્હા કરૂં છું. ૨૪.

મોક્ષપદને સાધવાવાળા યોગમાં મન વચન અને કાયાથી સદા જે વીર્ય ન ફેરવ્યું તેની હું નિંદા અને ગર્હા કરૂં છું. ૨૫.

પ્રાણાતિપાત વિરમણવ્રત વિગેરે બારવ્રતોનો સમ્યક્ વિચાર કરી જ્યાં ગ્રહણ કરેલામાં ભંગ થયો હોય તે હવે જણાવ. તું કોપ રહિત થઇને સર્વે જીવોને ક્ષમા આપ, અને પૂર્વનું વેર દૂર કરીને સર્વેને મિત્રો હોય તેમ ચિન્તવ.

પ્રાણાતિપાત—મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય, આ મોક્ષ માર્ગની સન્મુખ જતાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણભૂત અઢાર પાપસ્થાનકોનો ત્યાગ કર.

જે ચોત્રીશ અતિશય યુક્ત છે, અને જેમણે કેવળજ્ઞાનથી પરમાર્થને જાણ્યા છે, અને દેવતાઓએ જેમનું સમોવસરણ રચ્યું છે. એવા અર્હંતોનું મને શરણ હોજો.

જે આઠ કર્મથી મુક્ત છે, જેમની આઠ મહા પ્રતિહાર્યોએ શોભા કરી છે અને આઠ પ્રકારના મદના સ્થાનકોથી જે રહિત છે, તે અર્હંતોનું મને શરણ હોજો.

સંસારરૂપી ક્ષેત્રમાં જેમણે ફરી ઉગવાનું નથી, ભાવ શત્રુઓને નાશ કરવાથી જે અરિહંત બન્યા છે, અને જે ત્રણ જગતને પૂજનીય છે તે અર્હંતોનું મને શરણ હોજો.

ભયંકર દુઃખરૂપી લાખો લહરીઓથી દુઃખે કરી તરી શકાય એવો

સંસાર સમુદ્ર જે તરી ગયા છે, અને જેઓને સિદ્ધિ સુખ મળ્યું છે, તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૫

તપ રૂપી મુદ્‌ગરથી જેમણે ભારે કર્મ રૂપી બેડીઓ તોડી નાંખી મોક્ષ સુખ મેલવ્યું છે તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૬

ધ્યાનરૂપી અગ્નિના સંયોગથી સકળ કર્મરૂપ મળ જેમણે બાળી નાંખ્યો છે અને જેમનો આત્મા સુવર્ણમય નિર્મલ થયો છે તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૭

જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી, તેમજ ચિત્તનો ઉદ્વેગ નથી, ક્રોધાદિ કષાય નથી, તે સિદ્ધોનું મને શરણ હોજો. ૩૮

બેતાલીશ દોષ રહિત ગોચરી કરીને જે અન્નપાણી ( આહાર ) લે છે તે મુનિઓનું મને શરણ હોજો. ૩૯.

પાંચ ઈંદ્રિયોને વશ રાખવામાં તત્પર, કામદેવના અભિમાનનો પ્રચાર જીતનારા, બ્રહ્મચર્યને ધારણ કરનારા મુનિઓનું મને શરણ હોજો. ૪૦.

જે પાંચ સમિતિઓ સહિત છે, પાંચ મહાવ્રતનો ભારવહન કરવાને જે વૃષભ સમાન છે, અને જે પંચમ ગતિ (મોક્ષ) ના અનુરાગી છે તે મુનિઓનું મને શરણ હોજો. ૪૧

જેમણે સકળ સંગનો ત્યાગ કર્યો છે, જેમને મણિ અને તૃણ, મિત્ર અને શત્રુ સમાન છે, જે ધીર છે અને જે મોક્ષ માર્ગને સાધવાવાળા છે, તે મુનિઓનું મને શરણ હોજો. ૪૨.

કેવળજ્ઞાનને લીધે દિવાકર સરખા તિર્થંકરોએ પ્રરૂપેલા અને જગતના સર્વ જીવોને હિતકારી એવા ધર્મનું મને શરણ હોજો.

કરોડો કલ્યાણને ઉત્પન્ન કરનારી અને અનર્થ રચનાનો નાશ કરનારી જીવદયાનું જેમાં વર્ણન થાય છે, એવા ધર્મનું મને શરણ હોજો, ૪૪.

પાપના ભારથી દબાએલા જીવને કુગતિરૂપી કુવામાં પડતા જે ધારણ કરી રાખે છે તેવા ધર્મનું મને શરણ હોજો. ૪૫

સ્વર્ગ અને મોક્ષરૂપ નગરે જવાના માર્ગમાં ગુંથાએલા લોકોને સાર્થવાહરૂપ છે, અને સંસારરૂપ અટવી પસાર કરાવી આપવામાં સમર્થ છે તે ધર્મનું મને શરણ હોજો. ૪૬

આ પ્રમાણે ચાર પ્રકારના શરણને ગ્રહણ કરનાર અને સંસારના માર્ગથી વિરક્ત ચિત્તવાળા મેં જે કાંઈ પણ દુષ્કૃત કર્યું હોય તેની હમણા આ ચાર ( અરિહંત, સિદ્ધ, સાધુ, અને સર્વજ્ઞ ભાષિત ધર્મ )ની સમક્ષ નિંદા કરૂં છું. ૪૭

મિથ્યાત્વથી વ્યામોહ પામીને ભમતા મેં મન, વચન, કે કાયાથી કુતીર્થ (અસત્ય મત) નું સેવન કર્યું હોય તે સર્વની અત્ર હમણાં નિન્દા કરૂં છું. ૪૮

જીન ધર્મ માર્ગને જો મેં પાછળ પાડયો હોય અથવા તો અસત્ય માર્ગને પ્રગટ કર્યો હોય, અને જો હું બીજાને પાપના કારણભૂત થયો હોઉં તો તે સર્વની હમણાં હું નિન્દા કરૂં છું. ૪૯

જન્તુઓને દુઃખ આપનારા હળ, સાંબેલુ, વગેરે જે મેં તૈયાર કરાવ્યાં હોય અને પાપી કુટુંબનું જે મેં ભરણપોષણ કર્યું હોય તે સર્વની હમણાં હું નિંદા કરૂં છું. ૫૦

જીનભુવન, પ્રતિમા, પુસ્તક અને (ચતુર્વિધ) સંઘરૂપ સાત ક્ષેત્રમાં જે ધન બીજ મેં વાવ્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૫૧

આ સંસારરૂપી સમુદ્રમાં વહાણ સમાન જ્ઞાન, દર્શન, અને ચારિત્ર જે સમ્યગ્ રીતે પાળ્યાં હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૫૨

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને જૈન સિદ્ધાંતને વિષે જે બહુમાન મેં કર્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૫૩

સામાયકમાં ચતુર્વિંશતી સ્તવન (ચોવીશ ભગવાનની સ્તુતિ) અને છ આવશ્યકમાં જે મેં ઉદ્યમ કર્યો હોય તે સર્વ સુકૃતની હું અનુમોદના કરૂં છું. ૫૪

આ જગત્માં પૂર્વે કરેલાં પુણ્ય પાપ એજ સુખ દુઃખનાં કારણો છે અને બીજું કોઇ પણ માણસ નથી એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૫

પૂર્વે નહિ ભોગવાયેલા કર્મનો ભોગવવાથીજ છુટકારો છે, પણ ભોગવ્યાવિના છુટકારો નથી, એમ જાણીને શુભ ભાવ રાખો. ૫૬

જે ભાવવિના ચારિત્ર, શ્રુત, તપ, દાન, શીળ, વગેરે સર્વ આકાશના ફુલની માફક નિરર્થક છે તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૭

મેં નરકના નારકીપણે તીક્ષ્ણ દુઃખ અનુભવ્યું તે વખતે કોણ મિત્ર હતો તેમ માનીને શુભ ભાવ રાખો. ૫૮

સુરશૈલ (મેરૂ પર્વત) ના સમુહ જેટલો આહાર ખાઇને પણ તને સંતોષ ન વળ્યો, માટે ચતુર્વિધ આહારનો ત્યાગ કર. ૫૯

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, આ ચાર ગતિમાં મનુષ્યને આહાર

સુલભ છે, પણ વિરતિ દુર્લભ છે, એમ માનીને ચતુર્વિધ આહારનો ત્યાગ કરો. ૬૦

કોઇ પ્રકારના જીવ સમુદાયનો વધ કર્યા વગર આહાર થઇ શકે નહિ, તેથી ભવમાં ભ્રમણા કરવારૂપ દુઃખના આધારભૂત ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૬૧

જે આહારનો ત્યાગ કરવાથી દેવોનું ઇન્દ્રપણું પણ હાથના નળીઆમાં હોય તેવું થાય છે અને મોક્ષસુખ પણ સુલભ થાય છે તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કર. ૬૨

જુદા જુદા પ્રકારના પાપ કરવામાં પરાયણ એવો જીવ પણ નમસ્કાર મંત્રને અન્ત સમયે પણ પામીને દેવપણું પામે છે તે નમસ્કાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૬૩

સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે, પણ દુર્લભમાં દુર્લભ નવકાર મંત્ર પામવો તે છે. તેથી મનની અંદર નવકાર મંત્રનું સ્મરણ કર. ૬૪

એક ભવમાંથી બીજા ભવમાં જતાં ભવિકોને જે નવકાર મંત્રની સહાયથી પરભવને વિષે મનોવાંછિત સુખ સંભવે છે, તે નવકાર મંત્રનું મનની અંદર સ્મરણ કર. ૬૫

જે નવકાર મંત્રને પામવાથી ભવરૂપ સમુદ્ર ગાયની ખરી જેટલો થાય છે, અને જે મોક્ષના સુખને સત્ય કરી આપે છે. તે નમસ્કાર મંત્રને મનની અંદર તું સ્મર. ૬૬

આ પ્રકારની ગુરૂએ ઉપદેશેલી પર્યન્તારાધના સાંભળીને સકલ પાપ વોસરાવીને આ નમસ્કાર મંત્રનું સેવન કર. ૬૭

પંચ પરમેષ્ટીનું સ્મરણ કરવામાં તત્પર એવો રાજસિંહ કુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઇંદ્રપણું પામ્યો. ૬૮

તેની સ્ત્રી રત્નવતી પણ તેજ પ્રકારે આરાધીનેજ પાંચમા કલ્પને વિષે સામાનિક દેવપણું પામી, ત્યાંથી ચવીને બન્ને મોક્ષે જશે. ૬૯

આ સંવેગ ઉત્પન્ન કરનાર સોમ સૂરિએ રચેલી આ પર્યન્તારાધના જે રૂડી રીતે અનુસરશે તે મોક્ષસુખ પામશે.

ઇતિશ્રી–સોમસૂરિએ બનાવેલી 'પર્યન્તારાધના' સમાપ્ત.

---

**( માગધીપરથી ભાષાંતર કર્ત્તા મ. ન. દોસી. બી. એ. )**

શ્રી શાન્તિનાથાય નમઃ

# વાચન. ( Reading. )

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ. )

વાચન એ વિજ્ઞાનાસ્પદ છે. તે સ્વતઃ સુખપ્રદ તથા આનંદ પ્રદ છે. જે માણસને વાંચનનો શોખ હોય છે તે હંમેશાં આનંદ ભોગવે છે. અજ્ઞ પુરૂષોની અંદર રહેલા અજ્ઞ વિચારોને સુશિક્ષિત વાચક દુર કરી શકે છે. અને તેમને સન્માર્ગે દોરે છે. જે માણસને વાંચનનો અતિશય શોખ લાગ્યો હોય છે તે જેટલો આનંદ અનુભવે છે તેટલો આનંદ બીજો કોઇ ભાગ્યેજ બીજી વસ્તુમાં અનુભવી શકતો હશે. એક વખત એમ પણ કહીએ તો ચાલે કે ચક્રવર્તિની સાહ્યબી ભોગવનાર સાર્વભૌમરાજા પણ એક રસજ્ઞવિદ્વાન જ્યારે પુસ્તકાલયમાં વાંચવામાં નિમગ્ન થયો હોય અને જે આનંદ અનુભવતો હોય તેટલો આનંદ તે પોતાની સાહ્યબીથી પણ નહીં ભોગવતો હોય. વાચનથી જ્ઞાન થાય છે. અને **જ્ઞાનામૃતં ભોજનં** જ્ઞાન એજ અમૃતનું ભોજન છે. તેનો સ્વાદ જે ચાખે તેજ જાણે. " પાણી ખારૂં કે મીઠું " તે જેમ ચાખ્યાથી માલુમ પડે છે તેમ જ્ઞાનથી પ્રાપ્ત થતું સુખ જ્ઞાનીજ અનુભવે છે, તે નીચેના કવિતઉપરથી વધુ સમજાશે.

કોઈ અબુધ ધર્મમાં શું જાણે,<br>
કોઇ અબુજ બુજમાં શું જાણે;<br>
જે જાણે છે તે તો જાણે,<br>
બીજો જ્ઞાની દાતા જાણે.<br>
જ્ઞાની જ્ઞાનોના સુખ જાણે,<br>
અજ્ઞાની કહો ત્યાં શું જાણે;<br>
ધરમી ધરમે મોઝો મ્હાલે,<br>
એ તો જોયું નજરે નાને.

માટે જ્ઞાનનો રસ તો જે ચાખે છે તેજ જાણે છે. વળી જ્ઞાનનું મહાત્મ્ય વર્ણવતાં યોગનિષ્ઠ મહાત્મા શ્રીમદ્ બુદ્ધિસાગરજી કહે છે.

કરો જ્ઞાનિનું માન જ્ઞાનિની પાસે કિરિયા,<br>
જ્ઞાનવિના નહીં માન જ્ઞાનવણ કોય ન તરિયા;<br>
જ્ઞાનવિના તો દુઃખ જ્ઞાનવણ અંધાધુંધી,<br>
જ્ઞાને કર્મવિનાશ જ્ઞાનથી પ્રગટે શુદ્ધિ.<br>
જ્ઞાની જગ ચિંતામણિ અહો જ્ઞાની જગમાં દિનમણી,<br>
જ્ઞાનીનું બહુ માન કરતાં મુક્તિ છે સોહામણી.

માટે વાચનની ઘણીજ આવસ્યક્તા છે તે જેટલું હિતાવહ છે તેટલી બીજી કોઇ વસ્તુ નથી. ખરેખર મનુષ્યોને તેજ પ્રતિષ્ઠાદાયક, મનોરંજક, અને વિનોદનુ સાધન છે.

મહાન **સીસી**રોએ એક સ્થલે કહ્યું છે કે જો લેખનકળા ના હોતતો પ્રથમની સ્થિતિમાં ને હાલમાં આટલો બધો તફાવત પડત નહિં.

પ્રથમના વખતમાં આજના જેવી **મુદ્રણકળા,** ટપાલ અને રેલ્વેના સાધનો નહોતાં તેથી વાચનના સાધનો પુરતા પ્રમાણમાં નહોતાં. આજે બ્રિટિશ સરકારના સુલેહ શાંતિના રાજ્યમાં તેની ઘણી અનુકુલતા થઇ છે તે એટલી બધી કે ગરીબમાં ગરીબ માણસપણ વાંચનનો લાભ લેઇ શકે છે. સાધનોની અનુકુળતા સાથે વિદ્યાની દરેક શાખાનાં ઘણાં ખરાં પુસ્તકો હાલમાં છપાઈ બહાર પડ્યાં છે. પ્રથમ જે અમુક અમુક સંપ્રદાયોમાં અમુક અમુક વિદ્યાની શાખાનું અધ્યયન થતું હતું તેથી કરી સંકુચિતત્વ પ્રાપ્ત થતું પરંતુ હાલમાં તે નષ્ટ થયું છે.

પ્રથમના વખતમાં પ્રાયે કરી ધર્મગુરૂઓ પાસેથી બોધ મળતો. ગુરૂઓ શિષ્યને જેટલા ગ્રંથ ભણાવે તેટલામાંજ તેમની મતિ પ્રવેશ કરતી. બહોળા વાચનના અભાવે તેમની મતિ ભણ્યા શિવાયના ગ્રંથોમાં ભાગ્યેજ પ્રવેશ કરતી. ગુરૂઓ શિષ્યને ભણાવતા તેટલોજ બોધ તેમને મળતો, તે પણ ગુરૂની કૃપા જેટલો. પરંતુ એટલું તો કબુલ કરવું પડશે કે પ્રથમ જે મહાત્માતરીકે ઓળખાયા તેમની સરખામણી કરી શકે એવા હાલના સાધનોની અનુકૂળતાવાળા અને કેળવણીના જમાનામાં જવલ્લેજ માલુમ પડે છે. હાલનો જમાનો બદલાયો છે. પોપટ પંડિતોની સંખ્યા ઘટવા લાગી છે. વાચન વિશાળ અને વિસ્તીર્ણ થયું છે. સાધનોની પણ અનુકૂળતા પ્રાપ્ત થઈ છે. અંધશ્રદ્ધાએ દિવસે દિવસે પલાયમાન કરવા માંડયું છે. જ્ઞાનચક્ષુના વિકસ્વરનો ઉદય થવા લાગ્યો છે.

વાચન એ મનને વિશાળ, સતેજ અને કર્ત્તવ્યપરાયણ કરે છે. મિત્રની ગરજ સારે છે. પ્રેમદાની પેઠે પ્રમોદ આપે છે. ભ્રાતૃની પેઠે બાંડ ભાગે છે. દૈવી સ્વભાવને જાગૃત કરે છે, જીવનનિર્વાહનાં સાધનો બનાવે છે. તેમજ વ્યવહારમાં ઉન્નત બનાવી આ લોક તથા પરલોક સુધારી જીંદગીનું સાર્થક કરે છે. માટે વાચન જેમ બને તેમ વધારવું જોઇએ.

વાચનનો ઘણો આધાર માતૃભાષાના ગ્રંથના સંગ્રહઉપર છે. માટે જે જે દેશના જે જે વિદ્વાનો હોય તેમને માતૃભાષામાં પોતાના દેશના હિ-

તની ખાતર દરેક જાતના ગ્રંથો તૈયાર કરવા તેજ તેમનો વિદ્યા સંપન્નનો હેતુ છે, કારણ કે તેથી ઘણા લાભ લેઇ શકે છે.

હાલમાં વર્તમાનપત્રોનો પ્રચાર ઘણોજ વધવા લાગ્યો છે. જો કે તે ભાષાના સંબંધમાં તથા વર્તમાન સમાચાર જાણવામાં ઘણું હિતાવહ છે તોપણ કેટલાકો જેઓ વર્તમાનપત્રો વાંચવામાંજ કર્ત્તવ્યપણું માને છે તેમાં તેઓ મોટી ભુલ કરે છે. કારણ કે અમુક અમુક વિષયોનું યથાર્થ જ્ઞાન તદ્દવિષયક ગ્રંથો વાંચ્યા શિવાય નથી પ્રાપ્ત થતું. એક વિદ્વાન વર્તમાન પત્રોના સંબંધમાં કહે છે કે વર્તમાન પત્રો વાંચવાં એ યુરોપીઅન લોકો સવારમાં ચાહ પીએ છે તેના જેવું છે, એટલે ચાહથી જેમ પોષણને જરા આરામ કે વિનોદ મળે છે, પણ ભુખ ભાગતી નથી. તેમ વર્તમાન પત્રોથી સ્હેજ જ્ઞાન અને કંઇ વિનોદ મળે છે, પણ તેથી કરી કંઈ અમુક વિષયોનું પૂર્ણ જ્ઞાન મળતું નથી. આ ઉપરથી કહેવાનો આશય એમ નથી કે વર્તમાન પત્રો ન વાંચવાં. તે વર્તમાન સમાચાર તેમજ ભાષા વિગેરેને માટે હિતાવહ છે પરંતુ અમુક વિષયનું અમુક સંપુર્ણ જ્ઞાન મેળવવા માટે તે જાતનો ગ્રંથ વાંચવાની વિશેષ જરૂર છે. કારણ કે તેથી વસ્તુસ્વરૂપ યથાસ્થિત જણાય છે.

હવે વાચકે પોતે કયાં પુસ્તકો વાંચવાં તે પોતાના ગુરૂને કે કોઈ વિદ્વાનને કે કોઇ લાયબ્રેરીઅનને પુછી પસંદ કરવાં, કારણ કે તેથી કરી સ્થિતિને અનુકરણીય અને ઇચ્છિત વિષય મળવાથી વાંચવામાં આનંદ પડે છે, નહીં તો તેની પાછળ કરેલો કાળક્ષેપ તેમ શ્રમ બર આવતો નથી. વળી કેટલાંક પુસ્તકો એવી જાતનાં હોય છે કે જેને સ્થિતિ અને બુદ્ધિના પરિપકવવિના વાંચવામાં આવે તો "લેને ગઇ પુત ને ખોઇ આવી ખસમ" એવું થાય છે. માટે વાચકે પ્રથમ વાંચતા પહેલાં પુસ્તકો તત્ વિષયના અનુભવી પાસે પસંદ કરાવવાં. આ સ્થળે દીલગીરીથી કહેવું પડે છે કે યુરોપની અંદર જે લાયબ્રેરીઅન નિમવામાં આવે છે તે વિદ્વાનને નિમવામાં આવે છે કારણ કે વાંચકો અલ્પશ્રમે અને અલ્પ કાલમાં પોતાનો ઇચ્છીત વિષય પ્રાપ્ત કરી શકે. ત્યારે આપણા ઇન્ડીઆમાં સાત કે દશ રૂપીઆના પગારનો જોઇતા પ્રમાણમાં કેળવણી પામ્યા વિનાનો નિમવામાં આવે છે. વળી વાંચનારે પોતાની બુદ્ધિને ને અભ્યાસને અનુસરીને પુસ્તકો વાંચવાં, નહીં તો વખતે નિરસ અને કંટાળો આવવાથી વાંચનમાં વિક્ષેપ પડે છે. વળી વાંચનની પાછળ મનન કર્યાથી ઘણો ફાયદો છે. વાંચનારે પુસ્તક જેમ પસંદ

કરવાં તેમ વાંચવાનું સ્થળ પણ પસંદ કરવું. પ્રાયે કરી જો તે એકાંત ગરબડ કે ઘોંઘાટ વિનાનું હોય છે તો તે સારો ફાયદો કરી શકે છે. વળી વાંચકે વાંચતી વખતે એક લક્ષ કરવાની જરૂર છે. આડી અવળી ડાફરો અને ફાંફાં મારવાથી એકચિત્ત થતું નથી વાંચકે વાંચતી વખતે કેવું લક્ષ રાખવું જોઇએ તે મારા સમજ્યા પ્રમાણે આ નીચે આપેલું નાનકડું દૃષ્ટાંત પુરતું થશે. એક વખત એક યુરોપીઅન સ્ટુડન્ટ પોતાની રૂમમાં વાંચવામાં નિમગ્ન થયો હતો તે વખતે તેની બ્હેન કાચો ખોરાક પકવીને ખાવા તેની આગળ મુકી ગઇ તે વિદ્યાર્થિ વાંચવાની ધુનમાં હતો તેથી તેને તે ખોરાક ચુલા ઉપર મુકવાને બદલે પાસે પડેલું ઘડીઆળ ચુલાઉપર મુકી દીધું. થોડીવારે તેની બ્હેને આવીને જોયું અને જ્યારે ખબર આપી ત્યારે તેને તે બાબતની ખબર પડી. આ ઉપરથી સાર માત્ર એટલોજ લેવાનો છે કે વાંચતી વખતે એક તાન થવું.

વળી દરેક વિષયનું થોડું થોડું પરચુરણીઉં જ્ઞાન ઓછું લાભાસ્પદ છે. માટે અમુક વિષય વાંચવા આરંભ કરવો તે સંપૂર્ણ કરવો કે જેથી તેનો ખુબી સમજાય.

અપૂર્ણ.

---

# स्वीकार तथा अभिप्राय.

ખંભાતના શ્રી જૈન વિદ્યોત્તેજક મંડળનો રીપોર્ટ સંવત ૧૯૫૯ થી ૧૯૬૫ સુધીનો મળ્યો. વાંચી અતિ સંતોષ થયો. આ મંડળનો આશય સારો છે. મંડળના વ્યવસ્થાપકોને તે તરફથી થયેલા કાર્યો માટે ધન્યવાદ ઘટે છે. વ્યવહારિક કેળવણીના પ્રચારઅર્થે જે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં, આવે તેઓ ધાર્મિક અભ્યાસ પણ જરૂર કરે, એવી તેમને માથે ફરજ નાખવામાં આવે તો ઘણો લાભ થવા સંભવ છે.

મોક્ષપદ સોપાન — લી. મુનિ બુદ્ધિસાગર.

| | |
|---|---|
| જૈન આત્માનંદ સભા ભાવનગરનો સંવત ૧૯૬૨ ના કારતક શુદી ૧ થી સંવત ૧૯૬૫ ના આસો વદી ૦)) સુધીનો ચાર વર્ષનો રીપોર્ટ. | શ્રી ભાવનગર આત્માનંદ જૈન સભા તરફથી ભેટ. |

(અભિપ્રાય હવે પછી.)

## श्री अमदावादनी श्राविका उद्योगशाळानो माहे सपटेम्बर १९१० नो वृत्तांत.

ગયા માસની સીલક ૫-૧૩-૩ જમા—શા. પુંજાભાઇ હીરાચંદ તરફથી માહે ઓગસ્ટના રૂ. ૩૦-૦-૦ શ્રી વ્યાજ ખાતે રૂ. ૬-૨-૨ શ્રી ભેટખાતે શ્રી અમદાવાદ ફીકાભટની પોળના શા. જમનાદાસ જેઠાભાઇ તરફથી રૂ.૧૦૦-૦-૦ કુલ રૂ. ૧૪૧-૧૫-૫ તેમાંથી બાદ ખર્ચ—શ્રી પગાર ખાતે માહે ઓગસ્ટના રૂ. ૩૦-૮-૦ શા હેમચંદજેચંદના ખાતે રૂ. ૧૦૦-૦-૦ કુલ રૂ. ૧૩૦-૮-૦ બાકી સીલીક રૂ ૧૧-૭-૫.

શીખનાર સ્ત્રીઓની જાતવાર સંખ્યા—વીશાશ્રીમાળી ૭૧ દશાશ્રીમાળી ૧૮ વીશા ઓસવાળ ૨ વીશા પોરવાડ ૧૦ દશા પોરવાડ ૬ ભોજક ૧ પરચુરણ ૭. કુલ નં, ૧૧૫ દરરોજની સરાસરી હાજરી ૫૮.૨.

ધંધાવાર—— ભરત ભરનાર-૭૪ શીવણ કરનાર-૨૨ ગુંથણકરનાર ૧૯

સ્થિતિવાર—સધવા ૫૩ વીધવા ૨૯ કુમારી ૩૩.

રવાના તા. ૨ અકટોબર સને ૧૯૧૦ } **શા હરીલાલ ચુનીલાલ**
**મેનેજર.**
**શ્રીબુદ્ધિપ્રભાની ઓફીસ તરફ** } **શ્રી શ્રાવિકા ઉદ્યોગશાળા.**

---

### પહેલા ગુણસ્થાન ઉપર પદ.

ચેતન ચતુર થઇ ચાલજો, મોહ મિથ્યાત્વ દશા હરજો રે. ચેતન૦
કાળ અનંત ભમ્યો ભવમાં; શુદ્ધ શ્રદ્ધા ન ત્રણે તત્વમાં,
જીનશાસન વિપરિત વર્ત્યો રે. ચેતન૦ ૧
કુદેવ, દેવપણે માન્યા; પરિગ્રહવંત ગુરૂ જાણ્યા.
હીંસાદિક ધર્મ હરાખ્યો રે. ચેતન૦ ૨
વસ્તુ સ્વભાવ નહિં વર્ત્યો; ગુણથાણું પહીલું ધરતો,
ગુણનું સ્થાનક કર્યું કહીયો રે. ચેતન૦ ૩
અક્ષર અનંતમા ભાગ ખુલ્લો; મુક્તિહેતુ કિરીયા કરતો,
ગુણનું સ્થાનક તે લહીયો રે. ચેતન૦ ૪
તન ધન સ્વજનમાં લુબ્ધ થયો, પરપુદ્ગળ અપનું ગીનતો;
લખ ચોરાશી યોની ફરીયો રે. ચેતન૦ ૫
એમ અનંતી વાર રૂળ્યો; અસહ્ય દુસહ્ય દુઃખ લહ્યો,
હીરાચંદ ગુણ સ્થાન સ્હેટો રે. ચેતન૦ ૬

### દેહ અને ઘડીઆળના સંલગ્નપણાપર પદ રાગ દેશી કડખાની.

દેહ ઘડીઆળને આળ થાય પળ પળે, પેન્ડુલમ આયુ પળ વિપળ છીજે,
મન કમાને કરી, કરણ કાંટા ફરી; બારે એવાર પોખાર સીજે. દેહ૦ ૧

વયણ ટકટક કરે શ્વાસ ઉશ્વાસથી; ઉદ્‌ભવે નાદસોહં સનાણી;
જાણી ઉપયોગ તસ ઉપરે ધારતાં; વિષય નિવારતાં ગુણ ખાણી દેહ૦ ૨

મુખડા લય કરી જાણ થાય હરઘડી; ઉમર તિમ સમય વિજ્ઞાન થાશે.
હલન ને ચલન દેય જીવ, સ્પ્રિંગની ગતિ; પણ નહિં મતિ,
ઘડીયાળ પાસે દેહ૦ ૩

વિપળ પર્યાય પલટે વળી પલકમાં, ખલકમાં કાળ જીવ અરૂપી કાંપે;
ચક્રતિમ બેઉને ચોગતિ શેરવે, ફેરવે બાર ચોરાશીદાવે; દેહ૦ ૪

સુજ્ઞજન કાળની ભાળ લેતા રહો, નયન નિહાળી આ ખેલ ખોટો,
હરઘડી ચેત હીરાચંદ હૃદયમાં; નહિંતર લાગશે કુગતિ સોટો. દેહ૦ ૫

---

# अभिप्राय.

॥ योगनिष्ठ मुनिवर्य श्री बुद्धिसागर महाराजजी कृत पद संग्रह नामनु पुस्तक अमे वाची जोयुं सदर पुस्तकमां पद ( गायन ) रूपथी भक्ति ज्ञान, वैराग्य, विगरे आत्म कल्याणना साधनोनी सरसरीते गोठवण करी छे के जेनु वाचन तथा मनन करवाथी साधक ग्रहस्थोने पोताना आत्यंतिक श्रेयनी प्राप्ति थवानु एक उत्तम साधन थयुं छे माटे भाविक जनो ए सदर पुस्तकनो संग्रह करवो एहवो अमारो अभिप्राय छे.

बाळशास्त्री भाऊशास्त्री काशीकर.

---

# ग्राहकोप्रत्ये

## જાણવા જોગ.

ચાલુ વર્ષના પાંચમા અંકમાં જાહેર કરવા પ્રમાણે આ માસીકનો છઠ્ઠો અંક “ પર્યુષણ ” પર્વને લઇને મ્હોટો કહાડવામાં આવેલ છે અને તે ૧૨ ફર્માનો કહાડવા જાહેર કરેલો છતાં લખાણના વધારાને લીધે ૨૦ ફર્માનો થયો હતો એટલા માટે નીયમીત કરતાં ૧૬ ફર્મા વધુ આપવામાં આવ્યા છે. આ પ્રકારે મુગેમોઢે કર્તવ્ય બજાવવાની કદર હમારા વાચકબંધુઓ “ગ્રાહકો” કરશે એવી ખાત્રી છે.

## લવાજમ.

માટે ઘણાઓને વી. પી કરવામાં આવેલ તેમાં નહિંજેવી સંખ્યાએ અસ્વીકાર કરેલો છે તેથીજ કેટલાક મોટા સ્થળે અંકની સાથે ઉઘરાવવા ગોઠવણ કરેલી, તેમાં કેટલાક ગ્રાહકોના વસુલ થઈ ગયા છે જ્યારે કેટલાકના હજુ બાકી છે તેઓ પ્રત્યે ભલામણ કરવાની અગત્યતા છે કે બૉર્ડીંગની સહાયને બદલે નુકશાન થાય તે માટે હમો ગ્રાહકોની વગરઇચ્છાએ દબાણ કરીને માસીક મોકલતા જ નથી, જેઓ પોતાની ઇચ્છાએ ગ્રાહક રહે છે તેઓને મોકલીએ છીએ. છતાં કોઇને માટે સમજ ચુકને લઇ હમારી ભુલ જણાય તો ગ્રાહક રહેવા, કે નહિ રહેવા બદલ કાર્ડ લખી તરત હમને જણાવવું અને તે દરમીયાન પહોંચેલા અંકના પૈસા ( દર અંકે બે આના પ્રમાણે ) મોકલી આપવા કે જેથી આપની તરફ માસીકનું લેણું રહેવા પામે નહિ, દરેક બંધુનું કર્તવ્ય છે કે માસીકના ગ્રાહકતરીકે ચાલુ રહેવું. બીજા ગ્રાહકો વધારી આપવા અને “જ્ઞાનસાથે પરમાર્થ” નો લાભ મેળવવામાં પ્રમાદ ન કરવો.

## વી. પી. માટે અડચણ.

પોષ્ટઓફીશોમાં એકસાથે વધુ વી. પી. ન લેતા હોવાથી અંકો જલદી પહોંચાડવાની ખાતર હમે ૫-૭ ગામોમાં હમાર. હીતસ્વીઓ જોડે પહોંચાડવા ગોઠવણ કરી હતી, જેમાનાં ૨-૩ સ્થળે માણસોને વખતની અનુકુલતાની ખામીને લઇ હમારા ધારવા કરતાં ઘણી ઢીલથી પહોંચ્યા છે એવી હમોને ખબર મળી છે તેમ થવા માટે હમો ક્ષમા ઇચ્છીએ છીએ. તે સાથે જેઓને અંકો ન મળ્યા હોય તેઓને સુચના કરીએ છીએ કે લવાજમ ભરી તા. ૧૫ ની અંદર તે અંક ( નં. ૧૬૦ પષ્ટનો છે) મેળવી લેવો કેમ

તેની નકલો વધુ ન હોવાથી પાછળથી પુરા પાડી શકાશે નહિ. લવાજમની પહોંચ આવતા અંકમાં આપવામાં આવશે. ગ્રાહકોને કોઇ વધુ પ્રકારનો ખુલાસો જોઇએ તો નીચલા સરનામે પત્ર લખવા તસ્દી લેવી.

અ. જ્ઞા પ્ર. મંડળના પુસ્તકોનો લાભ હવે બંધ થયો છે જ્યારે બીજો એક લાભ તઇઆર થયો છે અને તે માટે આ સથેનું હેન્ડબીલ સંપૂર્ણ વાંચવાથી વાંચકો સમજી શકશે. કે માસીકના ગ્રાહક થવામાં કેટલા બધા લાભની સાથે પુન્ય છે.

લી.

વ્યવસ્થાપક.

"બુદ્ધિપ્રભા" માસીક.

નાગોરીસરાહ અમદાવાદ.

---

## અમદાવાદની બ્હેરાં મુંગાંની શાળા.

આ શાળામાં બ્હેરાં મુગાં છોકરાંને આપણે બોલીએ છીએ તેમ બોલતાં, લખતાં, વાંચનાં તથા ચિત્રકામ શીખવાય છે. શિક્ષણ મફત અપાય છે. બ્હારગામ વાળાઓ માટે કોઇ અમુક સંસ્થાઓમાં કે અન્ય સ્થલે ખાવા પીવાની સગવડ કરી આપવામાં આવશે. બ્હેરી મુગી છોકરીઓને માટે એક વૃદ્ધ બાઇ સાથે રહેવાની ખાસ ગોઠવણ રાખી છે. વિગત માટે મને લખો.

ખાડીયા. } પ્રાણશંકર લલ્લુભાઇ દેશાઇ. બી. એ.

અમદાવાદ. } બ્હેરાં મુંગાંની શાળાના મંત્રી.

## શુ તમારે મલયાસુંદરીચરિત્ર વાંચવું છે ? હા.

### તો વાંચો આ સાથેનું હેન્ડબીલ.

**તમારા લાભ માટેજ ખાસ ગોઠવણ કરી છે. ૩૫ ફર્માનું દળદાર પાકી બાઇન્ડીંગનું પુસ્તક છતાં આ માસિકના ગ્રાહકો માટે માત્ર રૂ. ૦-૬-૦ તાકીદે લખો.**

શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગ.

ઠે. નાગોરીસરાહ - અમદાવાદ.